

॥ શ્રી હરિઃ ॥
શ્રી વલ્લભ વિશ્વ વિહાર એજ્યુકેશનલ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
વૈષ્ણવ યુવા સંગઠન - દ્વિમાસિક
પુષ્ટિપ્રજ્ઞા
અંક : ૨
માર્ચ - એપ્રીલ : ૨૦૨૬
પ્રેરક
પૂ. પા. ગો. ૧૦૮
શ્રી આશ્રયકુમારજી મહોદયશ્રી
પૂ. પા. ગો. ૧૦૮
શ્રી શરણમકુમારજી મહોદયશ્રી
સંરક્ષક :
ષષ્ઠ ગૃહાધીશ પૂ. પા. ગોસ્વામી ૧૦૮
શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રી

# સંગઠન સુવાસ



શ્રી કલ્યાણરાયજી પ્રભુની અપરંપાર કૃપા અને દિવ્ય અનુગ્રહથી આ પવિત્ર સામાયિકનો નવો અંક આપ સર્વ વૈષ્ણવો સુધી પહોંચે છે, તે અમારા હૃદય માટે અનિવાર્ય આનંદ અને આત્મસંતોષનું કારણ બને છે. ભક્તિના આ સુગંધિત પ્રવાહ દ્વારા સેવા, સ્મરણ અને શરણાગતિનો સંદેશ દરેક હૃદયમાં પ્રસરતો રહે, એ જ અમારી નમ્ર ભાવના છે.

વૈષ્ણવ જીવન માત્ર એક પરંપરા નથી, પરંતુ તે પ્રેમ, નિષ્ઠા અને નિર્વિકાર અને સમર્પણનો જીવંત અનુભવ છે. દરેક શ્વાસમાં શ્રીઠાકોરજીનું સ્મરણ અને દરેક ક્રિયામાં તેમની પ્રસન્નતાનું ચિંતન, આ જ સાચી સાધના છે.

જીવનના ઉતાર–ચઢાવમાં પણ જે ભાવ અડગ રહે છે, તે જ પ્રભુ સુધી પહોંચવાનો સચોટ માર્ગ છે. મંદિરએ ભક્તિનું કેન્દ્ર બિંદુ છે, પરંતુ તેની સીમાઓ માત્ર દીવાલોમાં નથી બંધાતી, તે તો દરેક વૈષ્ણવના હૃદયમાં વસે છે. અહીં થતી સેવાઓ, ઉત્સવો અને આધ્યાત્મિક પ્રવૃત્તિઓ માત્ર પરંપરાનું પાલન નથી, પરંતુ આત્માને શ્રીજી સાથે જોડવાનો પાવન સેતુ છે. દરેક સેવકનું યથાશક્તિ યોગદાન, ચાહે તે નાનું હોય કે મોટું, પ્રભુચરણોમાં અવિસ્મરણીય બની રહે છે.

આ અંક માત્ર પ્રસંગોની ઝાંખી નથી, પરંતુ આત્મજાગૃતિનો દીપ પ્રગટાવવાનો પ્રયાસ છે. તેની દરેક પંક્તિ વાચકને પોતાનાં અંતરમાં ઝાંખી કરવાની પ્રેરણા આપે કે આપણે સેવા અને સ્મરણના માર્ગે કેટલા સ્થિર છીએ અને આપણું સમર્પણ કેટલું નિર્મળ છે. જો આ વાંચનથી કોઈ એક હૃદયમાં પણ ભક્તિનો સ્પર્શ જાગે, તો આ પ્રયત્નને સાર્થક માનવો.

પ્રભુની કૃપા ક્યારેય મર્યાદિત નથી હોતી, તે તો ભાવના શુદ્ધતાથી વહે છે. જ્યાં ભાવ નિષ્કપટ હોય, ત્યાં કૃપાનો પ્રવાહ સ્વયં પ્રગટે છે. આ ભાવને જાગૃત રાખવો અને જીવનને શ્રીજીમય બનાવવું, એ જ વૈષ્ણવધર્મનો અંતિમ મર્મ છે.

મંદિર માર્ગ બતાવે છે, પરંતુ યાત્રા તો હૃદયે કરવી પડે, સ્મરણનો દીપ પ્રગટે, તો અંધકાર ક્યાં રહે, શરણાગતિ જ્યાં સહજ બને, ત્યાં શાંતિ સ્વયં ઉતરે, એ જ ભક્તિનો પરમ સાર છે.

શ્રીકલ્યાણરાયજી પ્રભુ સદા સર્વ આપના પર પોતાની કૃપા દ્રષ્ટિ વરસાવતા રહે, આપ સૌનું જીવન ભક્તિ, સંસ્કાર અને અંતરાનંદનથી છલકાતું રહે, એવા હાર્દિક આશીર્વાદ સાથે...

**ભવદીય,**
**ગો. શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રી**

## આ અંકમાં વાંચીશું...


| ક્રમ | પુષ્ટિમાર્ગીય સાહિત્ય | પેજ નંબર |
|---|---|---|
| 1 | જીવનની સમસ્યાઓ અને પુષ્ટિમાર્ગીય ઉકેલ | 3 |
| 2 | શ્રી વલ્લભ કૃપા પ્રાપ્તિ કેવી રીતે થાય? | 5 |
| 3 | પ્રભુની અદ્ભુત લીલા | 7 |
| 4 | પુષ્ટિમાર્ગના પ્રોટોકોલ્સ | 9 |
| 5 | સર્વેશ્વરની સામગ્રી | 11 |
| 6 | શ્રીમદ્ ભાગવત સ્કંધ - ૫ | 12 |
| 7 | આપણા ઉત્સવો | 15 |
| 8 | ૨૫૨ વૈષ્ણવોની વાર્તા | 17 |
| 9 | સિદ્ધાંત મુક્તવલી | 20 |
| 10 | શ્રીમદ્ ભાગવત પ્રશ્નોત્તરી | 22 |
| 11 | શ્રી બેઠકજી ચરિત્ર માહાત્મ્ય | 26 |
| 12 | ઉનાળાનું સુપર ફૂડ એટલે તરબૂચ | 29 |
| 13 | જે ઉતાવળે ભૂલ કરે તે નિરાંતે પસ્તાય | 31 |

# જીવનની સમસ્યાઓ અને તેનો પુષ્ટિમાર્ગીય ઉકેલ

- ષષ્ઠ પીઠાધિશ્વર પ. પૂ. ગો.૧૦૮
શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રી

- ગતાંકથી આગળ

જે દુ:ખને તમે દુ:ખ માનવા તૈયાર નથી એ દુ:ખ દુ:ખ રહેતું પણ નથી. "મનઃ એવા મનુષ્યાણાં કારણં બંધમોક્ષયોઃ" ઉપવાસનો અર્થ આપણે બહુ ખોટો કર્યો છે. ઉપવાસનો અર્થ આપણે એટલો જ કર્યો કે ભૂખ્યા રહેવું. હવે તો ભૂખ્યા રહેવું એ અર્થ પણ નથી રહ્યો પણ ફરાળ કરવું. ઉપવાસનો અર્થ તો સમીપમાં વાસ કરવો. સમીપમાં જે વસે છે, શ્રીકૃષ્ણની સાનિધ્યમાં છે. આ જ આપણી વ્યાખ્યા છે. ઉપવાસ શબ્દની સુંદરતા જ આપણે ભૂલી ગયા છીએ. ઉપનિષદનો અર્થ પણ એ હતો.

ઉપ + નિષદ્ = એની પાસે બેસવું. શ્રીમહાપ્રભુજીએ એની સામે ચાર નામ કહ્યા છે. સહન - જ્ઞાન, ખનનં - કર્મ, ગંગાતીર સ્થિતે - ભક્તિ અને ચોથું છે પ્રેમ - તત્ર પ્રતિ સૌખ્યદં - અત્યંત સુખ પ્રેમમાં છે, જ્ઞાનમાં નહિ, કર્મમાં નહિ, ભક્તિમાં પણ નહિ, શ્રીમહાપ્રભુજીના આ દ્રષ્ટિકોણને હું વધારે તમારી સામે ખોલું છું. આપણે એવું ન કરીએ એ આપણે આનંદને શોધીએ એના કરતાં આનંદ શોધતા શોધતા આપણે પાસે આવે! આપણે એવું ન કરી શકીએ કે સમસ્યાના ઉકેલોને આપણે શોધીએ એના કરતાં ઉકેલો સામે આવીને કહે કે હું આ ઊભો.

શ્વેતાશ્વર ઉપનિષદમાં મંત્ર છે **यस्व देवे पराभक्ति यथा देवे तथा गुरौ, तस्यै ते कथिता हदया: प्रताशन्ते महात्मना:** જેની દેવમાં અને ગુરૂમાં ભક્તિ હશે તેને શાસ્ત્રના અર્થ શોધવા નહિં પડે. શાસ્ત્રના અર્થ એની સામે આવીને પોતાના સ્વરૂપને પ્રગટ કરશે. તો હું કહું છું કે જીવનની સાર્થકતા આપણી સામે આવીને પ્રગટ થાય. જીવનનું સૌંદર્ય પણ આપણી સામે આવીને પ્રગટે, પરમ તત્વની સાથે જે પ્રેમ કરે છે. હું કોઈ સંપ્રદાયની વાત નથી કરતો. તમારા ઈષ્ટદેવ ગમે તે હોય, તમારી ઉપાસના પદ્ધતિ ગમે તે હોય, પણ તમે સૃષ્ટિનાં પરમ તત્વની સાથે પ્રેમ કરો અને જો એ પ્રેમ હશે તો જીવનમાં જે સમસ્યાઓ આવશે, સમસ્યાઓ પણ એણે પ્રેમથી મોકલેલી હશે. એ એનો પ્રેમ સંદેશ હતો અને એ સમસ્યાઓને ઉકેલી સ્વયં તમારી સામે આવી એનો ઉપાય બતાવશે.

બહુ વિચિત્ર લાગે એવી કથા છે. જગતના ઈતિહાસમાં આવી કથા નહિં થઈ હોય. સામ સામે સેનાઓ ગોઠવાઈ ગઈ હતી. યુધિષ્ઠિર ગયા ભીષ્મ પાસે, ભીષ્મને પ્રણામ કર્યા. ભીષ્મ પ્રસન્ન થયા. યુધિષ્ઠિર તું માંગ! આજે હું તારી સામે ઊભો છું સંહાર કરવા માટે છતાં તું આ વિવેક ચૂકયો નથી. મને આવીને પ્રણામ કરે છે. હું બહુ પ્રસન્ન થયો છું. હા, તું એવું ના માંગીશ કે મારા પક્ષમાં આવી જાવ. એવું ન માંગીશ કે હું નહિ આપી શકું પણ એ સિવાય તું કઈ પણ માંગ, તમને ખબર છે કે યુધિષ્ઠિરે શું માંગ્યું? યુધિષ્ઠિરે કહ્યું, દાદાજી, મારે તમને કેવી રીતે મારવા એનું રહસ્ય બતાવો. વિશ્વના ઈતિહાસમાં

આવી ઘટના નહિ બની હોય. યુધિષ્ઠિરે કહ્યું, દાદાજી, અમને ખબર છે અમારામાંથી કોઈ સમર્થ નથી કે તમને મારી શકે. અમારે તમને માર્યા વગર છૂટકો નથી. કારણ કે તમે સામે ઊભા છો.

ભીષ્મ પિતામહે કહ્યું, યુધિષ્ઠિર ! હું તને ઉપાય બતાવું છું. હું કોઈ સ્ત્રી સામે યુદ્ધ ન કરૂં. તો કોઈ સ્ત્રીને મારી સામે ઊભી રાખજો અને મહાભારતમાં કથા છે કે શિખંડીને ઊભો રાખીને અર્જુન ભીષ્મ સામે લડયો. એવી જ ઘટના દ્રોણની બની. એ દ્રોણ પાસે ગયા. યુધિષ્ઠિરની આ રાજનીતિ ન હતી. યુધિષ્ઠિરની આ ચતુરાઈ ન હતી કે મીઠાં મીઠાં શબ્દો કહી અને વાત કરવી.

સૌ જાણતા હતા કે યુધિષ્ઠિર એક અત્યંત નિર્મળ હૃદયના વ્યક્તિ છે. ધર્મરાજ છે. એના પ્રણામમાં કોઈ ગણત્રી ન હોય, એના પ્રણામમાં પ્રેમ હોય. જેનામાં તમને પ્રેમ હશે એ પોતાના મોતનું રહસ્ય પણ તમારી સામે પ્રગટ કરશે. આ પ્રેમની શકિત છે. એ દ્રોણ કે ભીષ્મ પ્રત્યેના પ્રેમમાં પણ જો સમસ્યાનો ઉકેલ, સ્વયં થતો હોય તો પરમાત્મા સાથેનો પ્રેમ શું ન કરી શકે? એટલે હું તો જ હજું એ પરંપરામાં છું અને જો સમસ્યા જ નહિ રહે તો પછી તમારે ઉકેલો શોધવાની જરૂરત જ નહિ રહે. કદાચ એ સમસ્યા હશે તો સ્વયં સમસ્યા આવી અને તેમના ઉકેલો બતાવશે. તું આમ કર, તું પ્રેમ કર. તો તુ આમાંથી છૂટી જઈશ. હવા જ જેનું ફાનસ બની જાય. ફાનસ એટલે કાચ. હવા તો જયોતને બુઝાવનારી છે. સમસ્યા પણ જો સખા બની જાય. સુહૃદ બની જાય, સ્વજન બની જાય, તો એનું સમાધાન કયાં શોધવાનું.

જીવનમાં આવનારી સમસ્યાઓને કાં તો સહન કરી લો. વિવશ બનીને, રડીને લાચાર થઈને, નિરૂપાય થઈને નહિ પણ વિવેકવાન બનીને. કાં તો સહન કરી લો. કાં તો સંઘર્ષ કરી લો. ખેલ તો બાજી છે કરી લો યુદ્ધ. એની પણ ના નથી. તમે જો યુદ્ધ કરશો તો એ તમારો સારથિ બનીને ઊભો રહેશે. એ સમજણ કેળવશો તો એ બધું તમને સમજાવી પણ દેશે. તો તમને સમસ્યા જ નહિ લાગે. જે અભિગમ તમારા વ્યક્તિત્વને અનુરૂપ થાય એ અભિગમ અપનાવો અને જીવનને સાચા અર્થમાં સાર્થક બનાવો.

પ્રેમ દ્વારા સમસ્યારૂપી તકલીફોને અવશ્ય દૂર કરી શકાય છે. જીવનમાં સમસ્યાઓ આવે અને જાય. જયાં ઉકેલ મળે કે સમસ્યાઓ અદૃશ્ય થઈ જાય છે. પ્રેમ શાશ્વત છે. પ્રેમ સમસ્યાઓના ઉકેલમાં મુખ્ય આધાર બની જાય છે. સમસ્યાઓના કારણે વ્યથાનો ઉદ્‌ભવ થાય, વ્યથાને કારણે મન અશાંત બને, અશાંત મનને કોઈપણ ઉકેલ ન સૂઝે. પરંતુ જો મનમાં અહર્નિશ પ્રેમ વહેતો હોય તો મન અને હૃદય શાંત રહે છે અને સમસ્યાઓના ઉકેલ આપોઆપ પ્રકટ થઈ જાય છે. શ્રીકૃષ્ણ પ્રેમમાં રાધાની શંકારૂપી વ્યથા શાંત થઈ હતી.

**''યમુના તટે જયારે આંખો મળી ગઈ,**
**મૌન વાણી બની વ્યથા ભૂલાઈ ગઈ**

**શ્રીકૃષ્ણ પ્રેમના એક સ્પર્શે હૃદય શાંત થઈ,**
**રાધાની શંકાની ગાંઠ ખૂલી ગઈ.''**

- પૂર્ણ

**આપણા જીવનમાં ગુસ્સો અને**
**અહંકાર ક્રેડિટ કાર્ડ જેવા છે,**
**હમણાં વાપરો અને પછી એની**
**કિંમત આખી જિંદગી ચૂકવો...**

# શ્રી વલ્લભ કૃપા પ્રાપ્તિ કેવી રીતે થાય?

- પ. પૂ. ગો.૧૦૮
શ્રી આશ્રયકુમારજી મહોદયશ્રી



જીવ પાસે હંમેશા બે ઓપ્શન હોય છે સત્કર્મ અને કુકર્મ. એ જ પ્રકારે શ્રીઠાકોરજી પાસે પણ બે ઓપ્શન છે એક છે સિલેકશન અને બીજું છે ઈલેકશન.

સિલેકશન એ કે જયારે પ્રભુ સ્વયં જીવ પર પસંદગી ઉતારે ત્યારે એજ જીવ દૈવી જીવ બને છે એવા ઘણા ઉદાહરણ આપણે જોઈએ છીએ કે વૈષ્ણવ પરિવારમાં પેઢીઓ સુધી વૈષ્ણવી પરંપરાને પાલન કરતા આવ્યા હોય. પ્રભુની પાંચ પાંચ પેઢીઓથી સેવા થતી હોય તો પણ નવી એકાદ બે પેઢી એવી થઈ જાય કે હવે શું સેવા કરવી. પૂર્વજો કરતા ઠીક છે, વડીલો હતા કરી દીધી. આજના સમયમાં સેવા કરવી કેટલી યોગ્ય છે એવી વિચારધારા કરવાવાળા ઘણા બધા ઉદાહરણો પરિવારમાં આપણને જોવા મળતા હોય છે.

પ્રભુ જેના પર પસંદગી ઉતારે છે એ જીવને ભગવદ્ પ્રાપ્તિ થાય છે પછી ભલે જેટલું પણ ઈલેકશન કરીએ પરંતુ કામ થાય ન થાય પછી એ આપણા નસીબમાં છે, તો શ્રીઠાકોરજી જેનું સિલેકશન કરે તો એને શ્રીઠાકોરજી સ્વયં પ્રભુના સાનિધ્યની પ્રાપ્તિ કરાવે છે. જેનું સિલેકશન થાય એને ભગવદ્ શરણ પ્રાપ્ત થાય અને જેનું ઈલેકશન થાય એ પછી સત્તાની ગાદી પર બેસે છે.

જયારે પાત્ર ખાલી હોય ત્યારે જ તેમાં કશું ભરી શકાય છે, તો પુષ્ટિ કૃપા ખાલી પાત્રમાં જ ભરી શકાય. જયારે ઘડો ભરાયેલો હોય તો એમાં કેટલું પણ જલ નાખો બધું છલકાઈને બહાર જ વહી જશે. ઘણીવાર વ્યક્તિ પ્રશ્ન કરતો હોય છે સેવા કરૂ એમાં આવું કરાય કે ન કરાય પણ મનમાં બધું જ નક્કી છે, પ્રશ્નનો ઉત્તર પણ મનમાં નક્કી છે. પરંતુ પ્રશ્ન કરે ગુરૂ પાસે જઈને સેવામાં હું આવું કરું છું. આવું થાય કે નહીં ઉત્તર શું છે એ જાણવાની ઈચ્છા નથી હોતી. મનમાં ખબર છે આનો ભાવ શું છે તો પણ પ્રશ્ન કરે છે એટલે પહેલાથી જ ઘડો ભરાયેલો હોય તો તમે જેટલું પણ શીખવાડો એ પછી એના મનમાં જે નક્કી કરેલું છે તે જ કરવાનો છે. તો જયારે પાત્ર ખાલી હશે ત્યારે જ તેમાં ભગવદ્ રસ પ્રાપ્ત થઈ શકશે, ગ્રહણ થઈ શકશે, તો ભગવદ્ પ્રાપ્તિ શ્રી વલ્લભ કૃપાથી જ થાય છે. જે પણ શ્રીવલ્લભ અને વિઠ્ઠલનાથનું સ્મરણ કરે છે અને એ પણ એક ઘડી સ્મરણ કરી લે છે તેને ભગવદ્ પ્રાપ્તિનો રસ પ્રાપ્ત

ગો.વા.સુરેશચંદ્ર શાંતિલાલ શાહ (બોડલી) ના જયશ્રીકૃષ્ણ

થાય છે.

લૌકિકમાં જ્યારે કાષ્ટ-લાકડું અગ્નિમાં બળે છે ત્યારે ત્રણ પ્રકારે ભસ્મિભૂત થાય છે. એ પ્રકારે ભક્તિરૂપી અગ્નિ પ્રવેશ કરે છે ત્યારે ત્રણ પ્રકારના વિકારોનો નાશ થાય છે.

સૌથી પહેલું ચરણ એ બાષ્પીકરણ એટલે લાકડાનો નાશ થાય એમાં જે નમી હોય છે એ નમી પહેલા એ અગ્નિ શોષી લે છે એ ભક્તિરૂપી અગ્નિ આપણા હૃદયમાં પ્રવેશ કરે ત્યારે એ અજ્ઞાનતાને દૂર કરે છે એ પહેલું ચરણ છે.

બીજું ચરણ છે અપઘટન થવાથી લાકડાની કાષ્ટ તૂટી જાય છે અને જ્યારે પુષ્ટિભક્તિ હૃદયમાં પ્રવેશ થાય ત્યારે આપણા અહંકારના ટુકડાઓ થઈ અને અહંકારનો નાશ થઈ જાય છે.

ત્રીજું ચરણ દહન છે. જ્યારે કાષ્ટ તૂટી અને રાખ થઈ જાય છે અને તે ભસ્મીભૂત થઈ પુનઃ ભૂમિમાં મળી જાય છે, એ જ પ્રકારે આપણા પાપ પણ ભસ્મ થઈ જાય અને શ્રીવલ્લભની કૃપાથી એ પાપ પણ બધા પ્રભુના શરણમાં વિલીન થઈ જાય છે. હવે એ પાપ પણ આપણને નડતા નથી. બધું જ આ સંસારની જે અજ્ઞાનતાઓ છે એમાં ભળી જાય છે.

જ્યારે શ્રીવલ્લભનું સ્મરણ અને કૃપા થાય ત્યારે જ ભક્તિરૂપી અગ્નિ આપણામાં પ્રવેશ કરી શકે છે. કૃપા વગર આ માર્ગમાં જરાક પણ આગળ વધવું સંભવ નથી, એટલે જ આ માર્ગનું નામ કૃપા માર્ગ છે તો જ્યારે કૃપા થાય ત્યારે જ આપણે આ માર્ગમાં આગળ વધી શકીએ છીએ.

કલિયુગના જીવોનો ઉદ્ધાર કરવા માટે જ શ્રીવલ્લભનું ભૂતલ પર પ્રાગટ્ય થયું છે. સ્મરણ કરતાં જ જીવના બધા દોષની નિવૃત્તિ થાય છે. કલિયુગના જીવ પાસે ઘણા બધા સાધન છે પણ એવું કોઈ સમાધાન નથી કે જે સ્મરણ માત્રથી દોષની નિવૃત્તિ આપે. આ તો શ્રીવલ્લભની કૃપા છે કે કેવળ સ્મરણ માત્રથી જ બધા દોષોની નિવૃત્તિ થઈ જાય છે.

જ્યારે જીવ ભગવદ્ સેવામાં માર્ગ પર આગળ જાય છે ત્યારે ક્ષણ ક્ષણમાં એને બાધાઓ નડે છે. સંસારમાં ઘણા બધા એવા પ્રકલ્પ આવશે, ઘણા બધી એવી પરિસ્થિતિઓ આવશે કે જ્યાં ભગવદ્ સેવા માટે ક્યાંક આપણું મન, ક્યાંક આપણો પરિવાર, ક્યાંક આપણી સંગતો આપણને રોકતી હોય છે, એટલે જ કહું છું શ્રીવલ્લભના માર્ગે અહિયાં તો ક્ષણે ક્ષણે હૃદયમાં દશમ સ્કંધ છે જે શ્રીમદ્ ભાગવતજીની કૃપા, જે શ્રીમદ્ સુબોધિનીજીની કૃપા, શ્રી વલ્લભની કૃપા આપણને પ્રાપ્ત થાય છે.

કલિયુગનો પ્રભાવ હોય પરંતુ પુષ્ટિજીવનો સ્વભાવ જો ન બદલાય તો પછી એને ભગવદ્ ચરણની પ્રાપ્તિ થઈ જ જાય છે, એટલે જ જે પુષ્ટિજીવો ભગવદ્ સ્મરણ એકવાર નહીં પરંતુ અનંતવાર ભગવદ્ સ્મરણ કરે છે તેમને ભગવદ્ પ્રાપ્તિ થઈ જ જાય છે.

આપણા પુષ્ટિમાર્ગમાં ઘણા અદ્‌ભૂત ગ્રંથો જેવા કે શ્રીગુંસાઈજી પ્રભુચરણના ગ્રંથો, શ્રીયદુનાથજીના ગ્રંથો, શ્રીવલ્લભના ગ્રંથો, અષ્ટસખાઓના ગ્રંથો, કીર્તનો તથા સાહિત્યોમાં આદિ ઘણા બધા વિચારકો છે જેમના ગ્રંથોમાં શ્રીવલ્લભ કૃપા આપણને પ્રાપ્ત થયા છે.

**॥ જય શ્રી વલ્લભ ॥**

- પૂર્ણ

# પ્રભુની અદ્‌ભુત લીલા

- ગતાંકથી આગળ

- પ. પૂ. ગો.૧૦૮
શ્રી શરણમ્‌કુમારજી મહોદયશ્રી



મોતિઓની લળ મસ્તક પર ઝૂમી રહી છે એની સાથે હસ્તમાં માખણનો લાડુ પકડી અને શ્રી નંદભવનના આંગણમાં શ્રીઠાકોરજી ક્રીડા કરે છે. પ્રભુની વિવિધ લીલાઓનું શ્રીવલ્લભ પોતાના મનમાં વિચાર કરવા લાગ્યા, લીલાનું ચિંતન થાય તો જ લીલાના દર્શન થાય.

પ્રભુએ શું લીલા કરી એ ખબર હોય કે પ્રભુ કેવા દેખાય, પ્રભુ કેવા વસ્ત્ર પહેરે, પ્રભુ કેવું ભોજન કરે, પ્રભુ ક્યાં રહે, પ્રભુ કેવી રીતે પોઢે, પ્રભુ કેવી રીતે જાગે આ બધી એમની લીલા આપણને ખબર હોય તો સેવા કરતી વખતે ભાવ ઉત્પન્ન થાય.

પરંતુ આપણે લીલાને જાણતા જ ન હોઈએ તો સ્મરણ કરતી વખતે વિચાર આવે કે આજે બેંકમાં જઈને આ કામ પતાવવાનું છે. સામગ્રી સિદ્ધ કરતા હોઈએ ત્યારે એવો વિચાર આવે કે આજે થોડું ૧૦ મિનિટ મોડું થઈ ગયું છે. જોબ પર જઈશું તો ત્યાં તકલીફ થશે. અન્ય બધા લૌકિક વિચારો - ચિંતાઓ મનમાં સતત ચાલ્યા જ કરે અગર આપણે લીલાથી પરિચિત ન હોઈએ. પ્રભુ પ્રસન્ન ક્યારે થાય, સેવા ફલરૂપ ક્યારે બને જ્યારે સેવા જે કરી રહ્યા છે એ સેવાની સાથે એની લીલાનું પણ ચિંતન થાય તો ભક્ત પ્રભુને ક્યારેય ભૂલી શકતો નથી.

અહીંયા શ્રીઠાકોરજીના દર્શન શ્રીમહાપ્રભુજીને કેવા થઈ રહ્યા છે તો કહેવા લાગ્યા કે પ્રભુની ચાલ, પ્રભુના નેત્રકમલ અને અધરોની મુસ્કુરાહટ આ સમગ્ર સ્વરૂપના દર્શન થઈ રહ્યા છે અને જોયું તો શ્રીઠાકોરજીનું બાલ સ્વરૂપનું ચિંતન થયું અને એ જ ક્ષણમાં ચિંતન થવા લાગ્યું કે શ્રીઠાકોરજીતો કદંબના વૃક્ષની નીચે વેણુનાદ કરી રહ્યા છે અને લલિત ત્રિભંગ બનીને શ્રીઠાકોરજી બિરાજે છે. મુખારવિંદ આ બાજુ સ્કંધનો ભાગ અને આ બાજુ કટીનો ભાગ, આ બાજુ ચરણ, આ બાજુ આવા વાંકા ચૂકા કેમ થઈ ગયા શ્રીઠાકોરજી. એનું કારણ કહ્યું તો શ્રીસ્વામિનીજીએ કેવળ પોતાની એક ભ્રકુટીને થોડી ઊંચી કરીને અને શ્રીઠાકોરજીને એક નયન કટાક્ષ માર્યો અને શ્રીઠાકોરજી એવા મચી ગયા કે લલિત ત્રિભંગ બની ગયા અને એટલે જ એ સ્વરૂપ પણ વાંકુ ચૂંકું અને શ્રીઠાકોરજીનું નામ પણ કેવું તો એ પણ વાંકુ ચૂકું સીધા અક્ષર નથી. રામ નામ લખવું હોય તો તે સીધા અક્ષરોમાં લખાઈ જાય. પણ કૃષ્ણ લખવું હોય તો ક પણ ગોલ કરીને

લખો પાછો એની નીચે રકાર લગાવો પાછું એની ઉપર ષ અડધો કરો પાછો એની ઉપર ણ કરો અને દાંડી કરો બધું ગોલ ગોલ ગોલ જ છે તો જીનકા નામ ભી ટેડા, જીનકા સ્વરૂપ ભી ટેડા, જીનકી લીલા ભી ટેડી ઔર જીનકી કૃપા ભી ટેડી. બહુ સીધા સીધા ચાલીને જતા રહો તો એ બહુ ન મળે. એ આપણી કસોટી તો લે જ. આપણે પણ વાંકા-ચૂંકા રસ્તે થઈને ત્યાં સુધી પહોંચવું પડે. ક્યારેક આપણને એવું લાગે કે હમણાં શ્રીકૃષ્ણ મળી જશે અને ત્યાં એવામાં આપણને માયામાં ફસાવે કે પછી ભૂલાઈ જાય કે આપણે પ્રભુને મળવા જઈ રહ્યા હતા. ઘણીવાર પ્રભુ દયા કરીને મળે છે અને ઘણીવાર માયા કરીને મળે છે. ક્યારેક પ્રભુ માયાનો એવો ખેલ કરે છે કે પછી તમે કહી જઈ જ ના શકો. અને ક્યારેક દયા કરીને પ્રભુ તરત જ આપણી સામે પ્રકટ થઈ જાય છે.

શ્રીમહાપ્રભુજી પોતાના મનમાં ચિત્રણ કરી રહ્યા છે કે અવસર કાલમાં સેવાની બે અવસ્થા છે. અવસર અને અનવસર. અનવસર કાલ એ છે કે જ્યારે પ્રભુ વનમાં ગૌચારણ કરવા ગયા છે. જગાડીએ અને પોઢાવીએ એની વચ્ચેનો જે સમય એ અનવસર છે. જ્યારે પ્રત્યક્ષ રૂપે જીવ સેવા કરે છે શ્રીઠાકોરજીની એ કાલને અવસર કાલ અને એના પછી અને પહેલાનો સમય અનવરસ કાલ છે. અવસર કાલમાં શ્રીઠાકોરજી બાલ સ્વરૂપે ભજવા.

શ્રી બાલકૃષ્ણ રૂપે બાલભાવથી ગરમી હોય તો ગરમી સમયે કેટલા ઠંડા જલથી સ્નાન કરાવવા તત્સુખનો વિચાર કરવો. ઠંડી લાગતી હોય તો જેમ આપણને ઠંડી લાગતી હોય ત્યારે આપણે સ્વેટર પહેરીએ તેમ શ્રીઠાકોરજીને પણ ગદલ ધરાવવા.

એકવાર શ્રીનવનિતપ્રિયાજીના મુખારવિંદના દર્શન શ્રીગુંસાઈજીએ કર્યાં અને પૂછ્યું કે આજે આપનું મુખારવિંદ લાલ કેમ છે, આજે આપના શ્રીહસ્ત આટલા લાલ કેમ છે, આજે આપના હોઠ આટલા લાલ કેમ છે. ત્યારે શ્રીનવનિતપ્રિયાજીએ કહ્યું કે મેને જેસે હી આરોગને કે લિયે કટોરા પકડયો સો મેરે હાથ ભી જલ ગયે ઔર મેરે હોઠ ભી જલ ગયે પર મેરે ભક્તને આરોગાયો સો મેં ગરમ ગરમ પી ગયો.

તત્સુખનો વિચાર શું છે બાલભાવમાં બાળકને જેમ અનુકૂળ આવે, બાળકને જેમ સોહાય, એમને પ્રિય લાગે, એમને સુખ પહોંચે એ પ્રકારથી અવસર કાલમાં સેવા કરવી અને અનવસર કાલમાં જ્યારે પ્રત્યક્ષ સેવા નથી ત્યારે મન, મનચિત્ર બનાવે, સ્વયંના હૃદયમાં શ્રીઠાકોરજીની અનેક વિધ લીલાઓ એટલે જ નિત્ય સત્સંગ, નિત્ય વાંચન. ભગવત્ વાર્તા કરવાનો નિયમ વૈષ્ણવોના ઘરમાં કેમ છે? એનું કારણ જ આ છે કે પ્રભુ શું કરે છે એ જાણીએ તો એનું ચિંતન થઈ શકે અને એ ચિંતનના માધ્યમથી અવસરમાં પ્રભુ મળે ત્યારે એનો આપણે આનંદ માણી શકીએ. અહોભાવ માણી શકીએ.

કોઈ સામાન્ય વ્યક્તિ આપણને એમ જ મળી જાય, રોડ પર ચાલતા હોઈએ અને કોઈ બહુ મોટો વ્યક્તિ આપણને મળે કે જેણે જીવનમાં અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરી હોય. પરંતુ આપણે મળી લીધા પછી ખબર પડે કે એમને જીવનમાં એમની કવોલિટીસ એમના કવોલિફિકેશન એમના એચીવમેન્ટસ્ વિષેની આપણને ખબર પડે તો આપણે કેટલા રિસ્પેક્ટ સાથે મળીએ છીએ...

- ક્રમશઃ
વધુ આવતા અંકે

## વૈષ્ણવ યુવા સંગઠન વાડી દ્વારા દાલીઆ વાડી, વડોદરા ખાતે શ્રી વલ્લભ રસામૃત મહોત્સવના સુંદર સંસ્મરણો...





# વૈષ્ણવ યુવા સંગઠન વાડી દ્વારા દાલીઆ વાડી, વડોદરા ખાતે શ્રી વલ્લભ રસામૃત મહોત્સવના સુંદર સંસ્મરણો...





# વૈષ્ણવ યુવા સંગઠન વાડી દ્વારા દાલીઆ વાડી, વડોદરા ખાતે શ્રી વલ્લભ રસામૃત મહોત્સવના સુંદર સંસ્મરણો...






# પુષ્ટિમાર્ગના પ્રોટોકોલ્સ

- નિ.લી.સ્થિત પૂ.ગો.
શ્રી ચંદ્રગોપાલજી મહારાજ

**શ્રીઠાકોરજી દૂધઘરના કે સખડીના છે, ૫૦-૧૦૦ વર્ષ જૂના છે વગેરે શ્રીઠાકોરજીના સ્વરૂપમાં ભેદ જોવો, ગુરૂજનોમાં ગાદીપતિ - ગાદી ઘરના - બીજા વગેરે ભેદ જોવો અને મરજાદી - કંઠીબંધ - પાકા મરજાદી - બ્રહ્મસંબંધી વગેરે સ્વરૂપો ભેદ વૈષ્ણવોમાં જોવાની રહેલી દ્દષ્ટિએ બુદ્ધિનો વિકાર છે - કુબુધ્ધિ છે.**

તમને તમારા શ્રીઠાકોરજીમાં કેમ સાનુભાવ નથી થતો? તમને તમારા શ્રીઠાકોરજીની સેવામાં કેમ આનંદ નથી આવતો? તમને તમારા શ્રીઠાકોરજીમાં કેમ તમારા સ્વામી, માલિક તરીકેનો ભાવ નથી આવતો? કારણ કે, બુદ્ધિના વિકારો આપણી અંદર સચવાયેલા છે અને આ વિકારો જ્યાં સુધી રહેશે ત્યાં સુધી તમે શ્રીઠાકોરજીનો સ્વપ્નમાં પણ કોઈ અનુભવ નહીં કરી શકો. 'છતે, સ્વામીએ સુહાગુણીનું સુખી સ્વપ્ને નવ રાચે.' એજ સ્થિતિ બની રહેવાની છે.

**ગુરૂજનો અને ભગવત્સ્વરૂપોમાં સાધારણ-અસાધારણ વગેરે કેટેગરી વિચારવી, ૧૦૦ વર્ષ જુના - નવા એમ શ્રીઠાકોરજીમાં ભેદ વિચારવો, સખડી ભોગના, દૂધઘરના, મરજાદીના, વગેરે રૂપમાં શ્રીઠાકોરજીના સ્વરૂપમાં ભેદ જોવો, મરજાદી-કંઠીબંધ વગેરે વૈષ્ણવોમાં ભેદ જોવો વગેરે પ્રકારના તે તમામ બુદ્ધિના વિકારો છે.**

ત્યારે, આજને દિવસે આપણે જેમ મોઢેથી બોલીએ. હરિ, ગુરૂ, વૈષ્ણવ સરખા બોલીએ. પરંતુ હરિમાં પણ ભેદ, ગુરૂમાં પણ ભેદ અને વૈષ્ણવોમાં પણ ભેદ. વૈષ્ણવોની પણ કેટેગરી, અસાધારણ વૈષ્ણવ, આ કંઠીબંધ, આ બ્રહ્મસંબંધી, આ મરજાદી, આ પાકા મરજાદી, આ સખડી ભોગવાળો વૈષ્ણવ, આ દૂધઘરનો વૈષ્ણવ...

ગઈ કાલે, એક વૈષ્ણવ આવ્યા હતા મને કહે મારે ત્યાં દૂધઘરના શ્રીઠાકોરજી બિરાજે છે. મે એમને કહ્યું કે શ્રીઠાકોરજી ક્યારેય દૂધઘરના કે સખડીના હોતા નથી. આપણી સેવા દૂધઘરની કે સખડીની હોય છે. એટલે હવેથી બોલવું તો શું બોલવું? મારે ત્યાં સેવા દૂધ ઘરની છે. શ્રીઠાકોરજીને સખડીની એલર્જી નથી. પછી તો એમ કહેવાય મારા ગુરૂ સૂપના છે કે મારા ગુરૂ મઠડીના છે. તમારા ગુરૂ સૂપના કે મઠડીના નથી. તમારા ઘરમાં મઠડી હોય તો મઠડી આપો ને સૂપ હોય તો સૂપ પીવડાવો. એવી રીતે કોઈના શ્રીઠાકોરજી સખડી, અનસખડી કે દૂધઘરના હોતા નથી. આ સખડી, અનસખડી, દૂધઘર આ બધાં તમારી સાથે લાગેલા શબ્દો છે. તમારી સેવા, ભકિત અને તમારું સામર્થ્ય તેની સાથે લાગેલા આ બધાં શબ્દો છે.

તેવી જ રીતે, આપણે દરેકની અંદર ભેદ વિચારીએ છીએ. શ્રીઠાકોરજીમાં પણ ભેદ. અરે, આ તો મરજાદીના શ્રીઠાકોરજી. પાછા, લોકો કેવા

ભેદ કરે, આપણા મનના વિકારો જુઓ કેવા છે? અરે, આ તો ૪૦૦ વર્ષ જૂના શ્રીઠાકોરજી. મેં કહ્યું, સારું થયું તારા શ્રીઠાકોરજી ૪૦૦ વર્ષ જૂના છે. એ કહે આપના કેટલા પુરાણા છે. મેં કહ્યું અબજો વર્ષ પુરાણા છે. એ કહે, આટલા બધા જૂના છે, દેખાતું નથી એવું. તો, આપણે શ્રીઠાકોરજીની પણ વર્ષની સાથે કેટેગરી નક્કી કરીએ છીએ કે આ ૨૦૦ વર્ષ જૂના આ ૪૦૦ વર્ષ જૂના.

અરે, શ્રીઠાકોરજી, શ્રીઠાકોરજી જ છે, બ્રહ્મ, બ્રહ્મ છે. પણ ના, એમાં પણ કેટેગરી. આપણા સંપ્રદાયમાં જે આજે ગોટાળો ચાલી રહ્યો છે કે વલ્લભકુળના મંદિરના શ્રીઠાકોરજીનો પ્રસાદ એ વૈષ્ણવના શ્રીઠાકોરજીને ભોગમાં આવી શકે. મને તો આ રિવાજ જ સમજાતો નથી કે કયા પુષ્ટિમાર્ગ અને કયા શ્રીમહાપ્રભુજી પાસે આ બધું શીખીને લઈ આવ્યા છો? તમારા ઘરની અંદર તમે લોકો એમ માનો છો એ જ ખોટું છે કે, મારે ત્યાં ફલાણા મહારાજના પુષ્ટાવેલા છે. એમ જો પુષ્ટાવ્યા હોય ને તો તમારા ઘરમાં શ્રીઠાકોરજી જ નથી એમ નક્કી માનજો. તમારા ઘરમાં જો શ્રીમહાપ્રભુજી બેસાડે ને તો જ શ્રીઠાકોરજી બેસે. શ્રીઠાકોરજી એટલા ચંચળ છે કે, શ્રીમહાપ્રભુજી સિવાય કોઈની તાકાત નથી કે શ્રીઠાકોરજીને પકડી રાખે.

વલ્લભકુળના ઘરમાં જે શ્રીઠાકોરજી બિરાજે છે એ છે વલ્લભ અને વિઠ્ઠલને કારણે છે. નહીં તો કીર્તનમાં એવું આવી જાત કે, 'ભોગ, શ્રૃંગાર, મૈયા સુનમોહે, શ્રીચંદ્રગોપાલજી કે હાથ કો ભાવે.' પણ એવું કોઈ કીર્તનમાં નથી. શ્રીનાથજી પણ એજ બોલે છે કે 'ભોગ, શ્રૃંગાર મૈયા સુન મોહે શ્રીવિઠ્ઠલનાથ કે હાથકો ભાવે' ત્યારે, અમારા ઘરમાં પણ એ શ્રીમહાપ્રભુજીના બેસાડેલા છે. જેમ પહેલાં આપણા પરતંત્ર ભારતમાં એવું હતું કે યુરોપિયન સ્વીમીંગ બાથમાં યુરોપિયન જ જાય એમાં કોઈ ભારતીયો જઈ જ ન શકે. એવું આપણામાં પેલા બધાં નિધિ સ્વરૂપ વાળા અને આપણે બધાં વગર નિધિના. હવે, આપણે નિધિ થઈ ગયા. તે દિવસે, આપણે નિધિ નહોતા. એટલે, એ સ્વિમિંગમાં ભારતીયો જો જાય ને તો આખો સ્વિમિંગબાથ ધોવાઈ જાય. આપણે દરેકમાં એવી કેટેગરી પાડી દીધી, ભેદ કરી નાખ્યા.

જયારે ખરેખર શ્રીમહાપ્રભુજીનો સિધ્ધાંત એ દરેક ભેદને સમેટીને દરેકની અંદર એક પરમાત્મા, એક શ્રીકૃષ્ણને જોવાની એક પદ્ધતિ અને એક ભક્તિનો પ્રકાર શ્રીમહાપ્રભુજી આપણને આપવા માંગે છે.

(ક્રમશઃ)

સૌજન્ય : પુષ્ટિમાર્ગના પ્રોટોકોલ્સ

પેજ નંબર - ૨૫ થી આગળ

કૃષ્ણદાસજીએ તો સર્વાત્મકભાવની સિદ્ધિ કરીને જ આત્મ નિવેદન કર્યું હતું કે જે તેમના જીવનથી સ્પષ્ટ સમજાય છે એટલે કૃષ્ણદાસજીને લીલા સ્વરૂપની કે લીલા ભેદની સિદ્ધિ તો પ્રથમથી જ થઈ ગઈ હતી અને તેથી જ શ્રીમહાપ્રભુજી કૃષ્ણદાસજીને સાક્ષાત્ લીલાત્મક સ્વરૂપે હંમેશા દર્શન આપતા હતા. આમ આવા ભક્તોનો સમાગમ જો પ્રભુ કૃપા વિચારીને કરાવે તો તેઓની આડીથી શ્રીઠાકોરજીનું સ્વરૂપ તેમજ લીલાનો ભેદ જાણી શકાય. બાકી પુરાણ વગેરે શાસ્ત્રોમાં વર્ણવેલી કથાને કે પછી ઈતિહાસમાં લખાયેલી બાબતોને માત્ર વાંચવાથી અને વાંચીને માત્ર ઉપદેશ કરવાથી પોતાના સ્વરૂપને કે પછી ભગવદ્ ભક્તના સ્વરૂપને કે પછી શ્રીઠાકોરજીના સ્વરૂપને કે પછી લીલાના ભેદને જાણી શકાતું નથી.

સાભાર : ભાવસિન્ધુ

## સર્વેશ્વરની સામગ્રી

**માર્ગદર્શક : પૂ. પા. ગો. અ. સૌ. શ્રી જયતિ વહુજી**

# પનીર સીંગના જાંબુ

**સામગ્રી :**

**પનીર** – ૧ લિટર દૂધનું પનીર

**શેકેલા સીંગદાણા** – ૩/૪ કપ

**આરાનો લોટ** – ૨ ચમચા

**ઘી** – તળવા યોગ્ય

**સાકર** – એક થી દોઢ કપ

**કેસર** – અડધી ચમચી

પિસ્તા-બદામની કતરી



**સામગ્રી રીત :**

- શેકેલા સીંગદાણાના છોડા કાઢી નાખીને એનો એકદમ બારીક ભૂકો કરવો.
- એક લીટર દૂધના પનીરમાંથી બિલકુલ પાણી નિતારી એકદમ કોરું કરી લો.
- ત્યારબાદ એમાં સીંગદાણાનો ભૂકો અને આરાનો લોટ ભેળવીને ખૂબ મસળો. મસળીને એના એકસરખા ગોળ ગોળા વાળી લો.
- ત્યારબાદ ઘી કઢાઈમાં ગરમ કરો. ગરમ થયા પછી ધીમા તાપે બધા ગોળા તળી લો.
- ગુલાબી રંગ થાય ત્યારે બહાર કાઢી લો. ત્યારબાદ સાકરની દોઢ તારની ચાસણી કરી લો.
- એમાં એલચી અને કેસર પધરાવી દો. ત્યારબાદ તેમાં તળેલા ગોળા પધરાવી દો.
- જયારે ગોળા બરાબર ચાસણી પીલે ત્યારે તેમાં પિસ્તા-બદામની કતરણ પધરાવી સુંદર સજાવટ સાથે શ્રીપ્રભુને ધરાવો.

**નોંધ : એકસરખા ગોળને બદલે તમે એને ચપટાં પેટીસની જેમ વાળીને નોન સ્ટીક પેનીમાં ધીમા તાપે શેકી શકો છો...**

પ્રવિણભાઈ સી. પટેલ (NJ-USA) ના જયશ્રીકૃષ્ણ

## જગદ્‌ગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીનો 549 મો પ્રાગટ્ય મહોત્સવના શ્રી કલ્યાણરાયજી હવેલી, વડોદરાના સુંદર સંસ્મરણો...





## જગદ્‌ગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીનો 549 મો પ્રાગટ્ય મહોત્સવના શ્રી કલ્યાણરાયજી હવેલી, વડોદરાના સુંદર સંસ્મરણો...





# શ્રીમદ્ ભાગવત સ્કંધ - ૫

- ગતાંકથી આગળ

- મહર્ષિ વેદવ્યાસ

રાજા ભરતની કથા

ઋષભદેવનો મોટો દીકરો ભરત પિતાના કહેવા પ્રમાણે રાજવહીવટ ચલાવે. યુવાનવયમાં સંયમ રાખી ઈશ્વર આરાધના કરે. ઈશ્વર સ્મરણ કરે. યાત્રા કરે. અઠ્ઠાવન વર્ષ સુધી રાજપાટ, સંસાર ભોગવ્યા પછી, પોતાના દીકરાને રાજગાદી સોંપી, ગંડકી નદીના કિનારે આશ્રમની રચના કરી. તપ કરવા લાગ્યા. ફક્ત કંદમૂળ ખાઈને રહેતા. વહેલી સવારે સાડા ત્રણ વાગે ઊઠી અર્ધું શરીર ગંડકીમાં ડુબાડી ગાયત્રી જપ કરતા. બપોરે એક જ ચીજ ખાય. સાંજે ફળફૂલ લાવે. ઈશ્વરનું આરાધન કરે. તપશ્ચર્યા બાર વર્ષે ફળે છે

ભરતને સિત્તેરમું વર્ષ ચાલતું હતું. ગાયત્રીમંત્રમાં તન્મય હતા. તે વખતે એક હરણી ગંડકીમાં પાણી પીવા જતી હતી. તેની પાછળ સિંહ પડયો. હરણીએ ભયભીત થઈ દોડતાં દોડતાં કિનારા પાસે આવીને કૂદકો માર્યો અને તેના પેટમાનું તેનું બચ્ચું ગંડકી નદીમાં પડયું. તણાતું તણાતું હરણીનું બચ્ચું જયાં ભરત તપ કરતા હતા ત્યાં તેના હાથમાં આવ્યું. આ જીવ કયાંથી? જીવે છે? બચ્ચાં પર ભરતે પોતાનું કપડું ઢાંકી દીધું. ભરત વિચારવા લાગ્યા, ''શરણે આવેલા જીવને બચાવવો જોઈએ. જીવ અહીં કયાંથી આવ્યો? જીવનનું રક્ષણ કરવું એ સેવાધર્મ છે. ભક્તિ છે.'' જોયું તો હરણી ગંડકીના કિનારે છેલ્લા શ્વાસ લઈ રહી હતી. ભરત ત્યાં ઊભા રહ્યા અને કહ્યું, ''તારું બાળક મારું છે. હું તેનું પોષણ કરીશ.'' હરણી મરી ગઈ.

''વધુ પડતી આસક્તિ ન રાખવી'' ભરત હરણના બચ્ચાને આશ્રમમાં લાવ્યા. તેને મોટું કરવા લાગ્યા. ભરતને સિત્તેર વર્ષ સુધી ભોગવેલી સુખ સાહ્યબી પરિવાર છોડતાં દુઃખ નહોતું થયું. સિત્તેર વર્ષે ફરી ભરતને હરણ સાથે માયા બંધાણી. ભરત પ્રેમથી હરણને મોટું કરવા લાગ્યા. એમ કરતા કરતા એક મહિનો વીતી ગયો. રોજ હરણ ભરત પાસે આવે પણ આજે ન આવ્યું. ફરતાં ફરતાં હરણનું એક ટોળું આજે આશ્રમ પાસે આવ્યું. તેમાં હરણનું બચ્ચું ભળી ગયું. ભરત ૐ નો ઉચ્ચાર કરે ને હરણ ભરત પાસે હાજર થઈ જાય, પણ આજે ન આવ્યું. હમણાં આવશે, હમણાં આવશે, પણ ન આવ્યું એટલે ભરતે ચારેબાજુ તપાસ કરી પણ હરણનો પત્તો ન લાગ્યો. ભરત હર...ણ... હર...ણ બૂમો પાડવા લાગ્યા. ચંદ્રનો ઉદય થયો. ચંદ્રને જોઈ પાગલ માણસની જેમ ભરત કહેવા લાગ્યા ''મારા હરણને તું લઈ ગયો? પાછો આપી દે. મારા હરણ પર મને હાથ ફેરવવા દે.'' સાંજના જપ છોડયા. ભરતની નિદ્રા હરામ થઈ ગઈ. બીજે દિવસે પણ હર..ણ... હર...ણ હરણમાં વૃત્તિ પરોવાઈ ગઈ. હરણ ન મળ્યું. ભરત હરણના વિરહમાં પંચોતેર વર્ષના હતા. નાડી તૂટવા માંડી. ''હરણ હરણ'' કરતા ભરત મૃત્યુ પામ્યા. તેથી ભરતનો હરણ યોનિમાં જન્મ થયો. ગંડકીના કિનારે રહે અને હરણના ટોળામાં ફરે. હરણની નાડી તૂટવા માંડી. હરણે

અંતકાળે ભગવાનને પ્રાર્થના કરી, ''હે ભગવાન! મને મોક્ષ જોઈએ છે. મારી તપશ્ચર્યા સાચી હોય તો મને મુક્તિ આપો. હે ભગવાન! બ્રાહ્મણો જ જો મોક્ષના અધિકારી હોય તો મને બ્રાહ્મણ યોનિમાં જન્મ આપો.'' હરણનું શરીર શાંત થયું.

''અંગિરસ ગોત્રમાં જન્મેલા એક બ્રાહ્મણને પાંચ દીકરા હતા. બ્રાહ્મણે બીજા લગ્ન કર્યાં. બ્રાહ્મણને બીજી પત્નીથી એક દીકરો અને એક દીકરી થયાં. દીકરાનું નામ ભરત અને દીકરીનું નામ ધૃતિ રાખ્યું. બ્રાહ્મણે બધા દીકરાને સાથે જનોઈ આપી. જનોઈ આપનાર ગુરૂજીએ બાળકોને ઉપદેશ આપ્યો. જીવનમાં ઓછું બોલવું, કામ વધુ કરવું અને હાથમાં લીધેલું કામ પૂરું કરવું. જે પરિસ્થિતિ હોય તેને અનુકૂળ થઈને વર્તવું. બોલવું ઓછું, સહન વધુ કરવું.''

જનોઈ આપનાર ગુરૂજીએ પૂછ્યું, ''આ નાનો દીકરો કેમ કાંઈ બોલતો નથી? મૂંગો છે?'' બધા દીકરા ગુરૂને ત્યાં અભ્યાસ માટે ગયાં. એક વખત પિતાજી ખૂબ બિમાર થયા. મોટા પાંચ દીકરાઓ અભ્યાસ છોડી ઘરે ગયા. ભરતે ભાઈઓને કહ્યું, ''હું વિદ્યાભ્યાસ પૂરો કરીને આવીશ.'' ઘરે જઈ પાંચે ભાઈઓએ પિતાની મિલકત વહેંચી લીધી. ભરતને કાંઈ જ ન આપ્યું. ભરતે વિદ્યાભ્યાસ પૂરો કર્યો, તે પોતાને ઘરે આવ્યો. ત્યારે તેના ભાઈઓએ કહ્યું, ''ભરત તારા ભાગમાં માતા પિતા અને નાની બહેનની જવાબદારી આવી.'' પાંચ મોટાભાઈઓને બહેન અને મા-બાપે કહ્યું, ''તમે મિલકતના ભાગ પાડી વહેંચી લીધા. ભરતને કાંઈ ન આપ્યું? તેને થોડું કંઈ આપો. અમારે અન્નના વાધા પડે છે.'' મોટાભાઈઓએ કહ્યું, ''ભરતને કહો ખેતરમાં પાણીના કયારા વાળે.''

ભરતે તે કામ સ્વીકારી લીધું. વહેલી સવારથી તે ખેતરના કામ પર ચડી જાય. કામ કરતો જાય અને ભગવાનની ભક્તિ કરતો જાય. એક દિવસ ભરત ભગવાનની ભક્તિમાં લીન હતો, તેથી પાણીનો વ્યય થતો હતો. તેનું ધ્યાન તે તરફ ન હતું. તેનો મોટાભાઈ પાણીનો વ્યય થતો જોઈ ગુસ્સે થઈ ગયો અને પાવડો ઉપાડી ભરતના જમણા ખભા પર માર્યો. ભરતે પોતાની ભૂલની માફી માંગી. આજે રોજ મળતું અનાજ તેને મળ્યું નહીં. ભરતે વિચાર્યું, આજે મારાં માતા પિતા અને બહેન ભૂખ્યાં થયાં હશે. જંગલમાંથી લાકડી કાપી બજારમાં લઈ જઈ વેચી આવ્યો. તેમાંથી કંદમૂળ લાવી માતાપિતા અને બહેનને ખવડાવ્યું.

દરરોજ નિયમ પ્રમાણે આજે પણ ભરત ખેતરમાં પાણી વાળવા ગયો. પિતા બિમાર હોવાથી ભરતની માતા પોતાના પતિના પગ દબાવી રહી હતી. બહેન ધૃતિ રોટલા ઘડતી હતી. ભરતના બાપા તેની માતાને કહે કે, ''સાંભળો ભરતની મા! આપણો ભરત કાલોઘેલો છે. તેને વ્યવહારનું જ્ઞાન નથી. મારી નાડીઓ તૂટી રહી છે. મારો અંતકાળ આવી ગયો લાગે છે. તારા જીવતાં દીકરી ધૃતિને પરણાવી દેજે.'' માતાપિતા વચ્ચે થતી વાત દીકરી ધૃતિ સાંભળે છે. દીકરી ધૃતિ વિચારે છે, મારો ભાઈ ભરત કાલોઘેલો! કોણે કહ્યું? મારો ભાઈ વ્યવહાર ન સમજે? તેથી મને પરણાવી દેવી? મોટાભાઈઓને મારા ભાઈ ભરતે કયારેય સાવકા માન્યા નથી!

સાંજે ભરત ખેતરથી આવ્યો તેના જમણા ખભા પરથી લોહી વહી જતું હતું. ઘા જોઈ ધૃતિએ પૂછ્યું, ''ભાઈ! તને આ શું વાગ્યું?'' ભરતે કહ્યું, ''કાંઈ નહીં.'' ધૃતિને બહારથી ખબર મળ્યા કે

મોટાભાઈએ ભરતને પાવડો માર્યો. ધૃતિ મનમાં ને મનમાં સમસમીને રહી ગઈ.

ભરતના પિતા એક દિવસ મૃત્યુ પામ્યા. ભાઈઓ રડવા લાગ્યા. ભરત કહે, "પિતા ઉંમરલાયક હતા. શોક શા માટે? આપણે પિતાજીની ઉત્તરક્રિયા કરીએ." મોટાભાઈઓએ કહ્યું, "ઉત્તરક્રિયાના ખર્ચમાં તારે પણ હિસ્સો આપવો પડશે." ભરતે કહ્યું, "ભલે."

ભરતે બહેન ધૃતિને કહ્યું, "પિતાની છેલ્લી ઈચ્છા તારા લગ્ન કરવાની હતી. તું હવે લગ્ન કરી લે." ધૃતિ કહે, "ભાઈ, હજી વાર છે." બહેનને ભાઈના દુઃખની ખબર પડે તો બહેન ભાઈના સુખ માટે અનેક પ્રયત્ન કરે. ધૃતિ પણ પોતાના ભાઈનું દુઃખ જોઈ શકતી ન હતી.

ભરત ઈશ્વરને પ્રાર્થના કરે છે કે હે ભગવાન! મારી મા અને બહેનને ઠેકાણે પાડયા પછી જ નિરંતર ઈશ્વર આરાધના થશે. દીકરીને પરણાવવાની ઝંખનામાં માનું મૃત્યુ થયું. હવે પ્રશ્ન બહેનનો હતો. ભરતે બહેનને લગ્ન કરવા ઘણી સમજાવી પણ ધૃતિ એકની બે ન થઈ. ભરત વિચારવા લાગ્યો કે મેં મારા જીવનમાં કોઈ દિવસ મોટા ભાઈ-ભાભીની મદદ લીધી નથી. ધૃતિનાં લગ્ન માટે તેમને વિનંતી કરું કે બહેન ધૃતિને લગ્ન કરવા સમજાવે.

વધુ આવતા અંકે

સૌજન્ય : શ્રીમદ્ ભાગવત સંક્ષેપ

## શ્રી વલ્લભનાં નામનો પ્રતાપ

દેહથી, વાણીથી, મનથી અને આસુરી-જીવોનાં સંસર્ગથી જેનું વર્ણન ન થઈ શકે તેવા, અનેક જન્મોનાં એકઠા થયેલા અને પર્વત સમાન વજ્ર બનેલાં મહાન પાપોને શ્રીવલ્લભનામ એક ક્ષણમાં જ ભસ્મ કરી નાખે છે.

**તેનું કારણ એમ છે કે શ્રીવલ્લભનામમાં કરોડો સૂર્ય સમાન અગ્નિ રહેલો છે. તેથી શ્રી વલ્લભનું નામ આપણાં હૃદયમાં પ્રવેશ થતાં જ અનેક જન્મોનાં પાપોને ભસ્મ કરે છે. નામ પહેલા જીભથી લેવાય છે, જીભથી સતત સ્મરણ કરતાં કંઠમાં ઉતરી જાય છે, કંઠથી લેવાતું નામ હૃદયમાં ઉતરી જાય છે, જયારે નામ હૃદયમાં પ્રવેશ કરે છે ત્યારે એક ક્ષણમાં જ પાપોને ભસ્મ કરે છે.**


નામ ભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક એમ ત્રણ પ્રકારે લેવાતું હોય છે તેમાં જયારે આધિદૈવિક પ્રકારે નામ લેવાય છે તેજ ક્ષણે પાપોને ભસ્મ કરે છે.

જેમ અંતગૃહગતા પ્રતિબંધોનાં કારણે ગોપીઓ રાસમાં ન જઈ શકયા ત્યારે પ્રિયનાં વિયોગનું દુઃસહાય દુઃખ તેમને ઉત્પન્ન થયું આ દુઃખના તેજ થી તેમનાં સર્વ પાપો ભસ્મ થઈ ગયા તેવી રીતે શ્રીવલ્લભનામનું સ્મરણ કરતા-કરતા શ્રી વલ્લભના વિયોગ દુઃખનો દુઃસહાય ક્ષણ જે સમયે આવે છે તેજ ક્ષણે અનેક જન્મોના કાયિક, વાચિક, માનસિક, પાપોને ભસ્મ કરે છે.

**આ સર્વ શ્રી વલ્લભ નામનાં પ્રતાપથી જ થાય છે તેમ જાણી શ્રી વલ્લભ નામનું સ્મરણ કરતા રહેવું.**


શ્રી કલ્યાણ પુષ્ટિ હવેલી, વસ્ત્રાપુર - અમદાવાદ ખાતે શ્રી વલ્લભ જયંતિ મહોતત્સવમાં પૂ. શરણમકુમારજી મહોદયશ્રીના સુંદર સંસ્મરણો..





શ્રી કલ્યાણ પુષ્ટિ હવેલી, વસ્ત્રાપુર - અમદાવાદ ખાતે શ્રી વલ્લભ જયંતિ મહોતત્સવમાં પૂ. શરણકુમારજી મહોદયશ્રીના સુંદર સંસ્મરણો..





## શ્રી કલ્યાણ પુષ્ટિ હવેલી, વસ્ત્રાપુર - અમદાવાદ ખાતે
## શ્રી વલ્લભ તત્વ ચિંતનના પૂ. શરણમ્કુમારજી મહોદયશ્રીના સુંદર સંસ્મરણો..





# આપણા ઉત્સવો

**વૈશાખ સુદ ત્રીજ - અક્ષય તૃતીયા :** સામાન્ય પ્રજાજનોમાં 'અખાત્રીજ' ને નામે ઓળખાતો આ દિવસ 'અક્ષય - તૃતીયા' કહેવાય છે. કેમકે આ તિથિનો કયારેય પણ ક્ષય થતો નથી. વસંતઋતુની સમાપ્તિ અને ગ્રીષ્મનું આગમન સૂચવતો આ સમય છે, આથી આ દિવસથી શ્રીઠાકોરજીની સેવામાં ચંદનનો વિનિયોગ થવા માંડે છે. ચંદન સુગંધિત તો હોય જ, સાથો સાથ એ શીતળતા પણ અર્પે છે. ચંદનની સાથે કેસરનો પણ ઉપયોગ કરવામાં આવે છે. ચંદન ઘસવા માટે જળને બદલે ગુલાબ જળનો ઉપયોગ થાય છે.

આ દિવસથી શ્રીઠાકોરજીને ચંદનની ભાત અને છાંટણાવાળા શ્વેત મલમલના વસ્ત્ર ધરાવાય છે. ચરણ ચોકી, પંખા અને પિછવાઈ પણ ચંદન ચિત્રિત હોય છે. શ્વેત રંગ ઉપર ચંદનની કેસરી રંગની ભાત ઉપસાવવામાં આવે છે. અહીં રંગ કળાકારની આકરી કસોટી થતી હોય છે. રંગ કલાકાર જરાક જેટલો અસાવધાન રહે તો અપેક્ષિત છાપ ઉઠતી નથી અથવા રંગ પ્રસરી જવાની ભીતી રહે છે, અને જો આવું થાય તો શ્વેત રંગનું વસ્ત્ર ઝાખા પીળા રંગને કારણે બેહુદું અને અનાકર્ષક લાગે છે.

આ સમય દરમ્યાન ચંદનમાંથી તૈયાર થયેલા આભૂષણો હાર, કુંડલ, પહોંચી, કટિમેખલા, નૂપુર, મુગટ વગેરે શ્રીઠાકોરજીને અર્પણ કરવામાં આવે છે.

આ દિવસથી હવેલીઓમાં ખસના પંખા, ખસની ટટ્ટી, ખસનો વાળો, ફૂલ મંડલી, પુષ્પ - શણગાર અને પુષ્પ - વિતાન (ફૂલનો ચંદરવો) વગેરેની સજાવટ થાય છે. આજની ચાંદીનો કૂંજો વડો થાય છે અને તેનું સ્થાન 'જલ - કુંભ' લે છે. માટીના કૂંજામાં ગુલાબ જળ મિશ્રિત જળભરીને કૂંજાની બહાર ભીનું શ્વેત વસ્ત્ર લપેટીને શ્રીઠાકોરજીને ધરાવાય છે. આ 'જલકુંભ' કહેવાય છે.

આ દિવસોમાં ઉષ્ણકાળના ખંડિતા તેમજ હિલગનાં પદો ગવાય છે. ચંદન પુષ્પ આદિની સજાવટના વર્ણનો કરતાં કીર્તન પદો ગવાય છે.

**વૈશાખ સુદ ચૌદશ - નૃસિંહ ચતુર્દશી :** જે દિવસે ભક્ત પ્રહલાદની રક્ષા કરવા માટે તથા દાનવ હિરણ્યકશિપુનો વધ કરવા માટે ભગવાન શ્રી વિષ્ણુએ અર્ધ નર અને અર્ધ સિંહનું રૂપ ધારણ કર્યુ તે દિવસ નૃસિંહ ચૌદશ તરીકે ઓળખાય છે. શ્રી મહાપ્રભુજીએ પ્રત્યેક વર્ષે ચોવીસ એકાદશી ઉપરાંત ચાર જયંતિઓએ વ્રત કરવાનો આદેશ આપ્યો છે. આ જયંતિઓમાં (૧) જન્માષ્ટમી એટલે શ્રી કૃષ્ણ જયંતિ (૨) રામનવમી એટલે શ્રી રામ જયંતિ (૩) નૃસિંહ જયંતિ અને (૪) વામન જયંતિનો સમાવેશ થાય છે, એટલે કુલ ૨૮ વ્રત કરવાના હોય છે.

નૃસિંહ જયંતિ નિમિત્તે શ્રી મસ્તકે કુલ્હે અને સાદી ચંદ્રિકાની જોડ ધરાવાય છે. શ્રીજીને રૂપેરી કિનારવાળા કેસરી વસ્ત્ર ધરાવાય છે. આ દિવસે શ્રીચરણારવિંદ સુધીનો શ્રૃંગાર અર્પણ થાય છે. શ્રી હસ્તમાં સિંહાકૃતિવાળા કડાં તથા વક્ષસ્થળ પર

વાઘનખ અવશ્ય ધરાય છે.

રાજભોગ વેળાએ જળ ભરેલો મોટો થાળ ધરાવાય, આ જળને શ્રીયમુના જળ માનવામાં આવે છે. તેમાં ચાંદીના રમકડાં (ખીલોના), મગર, માછલાં, કાચબા, કમલના ફૂલ ઈત્યાદિ તરાવવામાં આવે છે.

**જેઠ સુદ ચૌદશ (અથવા પૂનમ) સ્નાન યાત્રા :** જે દિવસે જયેષ્ઠા નક્ષત્રનો આરંભ થાય તે દિવસે હવેલીઓમાં સ્નાન યાત્રાનો ઉત્સવ મનાવાય છે. આ દિવસે શ્રી નંદબાબાએ પોતાના પ્રિય પુત્ર શ્રીકૃષ્ણને યુવરાજ પદે સ્થાપિત કર્યા હોવાથી આ ઉત્સવને જયેષ્ઠાભિષેક પણ કહેવાય છે. આ અભિષેક નિમિત્તે વૈષ્ણવ હવેલીઓમાં શ્રી સ્વરૂપને અભિષેક કરવામાં આવે છે. અભિષેક માટેના જળનું અધિવાસન આગલા દિવસે કરવામાં આવે છે તથા એ શીતળ જળમાં અનેક સુગંધિત દ્રવ્યો મિશ્રિત કરવામાં આવે છે. શ્રીજીને અભિષેક જળ શીતળ હોવાને કારણે ઠંડક લાગે એટલે એ સમયે તોડી જેવા ગરમ પ્રકૃતિના રાગમાં કીર્તનો ગવાય છે.

હવેલીઓમાં મંગળા આરતી થઈ ગયા બાદ સ્નાન યાત્રાના દર્શન ખૂલે છે. આ સ્નાન યાત્રા વિધિ દર્શનિકોની પ્રત્યક્ષ થાય છે. શ્રીઠાકોરજીને શ્વેત – કેસરી કિનારના ધોતી – ઉપરણાં ધારણ કરાવાય છે. અધિવાસન કરેલાં શીતળ જળથી, શંખ વડે, દર્શનાર્થીઓની પ્રત્યક્ષ આ સ્નાન વિધિ કરાવાય છે. સ્નાન બાદ શ્રીઠાકોરજીને કેસરના છાપાની કિનારના પીછોડા તથા શ્રીમસ્તકે શ્વેત કુલ્હે અને ત્રણ સાદિ ચંદ્રિકાની જોડ ધરાવાય છે.

આ ઉત્સવની ખાસ ધ્યાનાકર્ષક બાબત એ હોય છે કે શ્રીઠાકોરજીને સવા લાખ કેરીઓ ધરાવાય છે. આ દિવસે શ્રીપ્રભુ વ્રજભક્તો સહિત યમુના વિહાર – શ્રી યમુનામાં નૌકા વિહાર કરે છે અને એ વેળાએ નાવના પદો ગવાય છે. આ ઉત્સવને 'નાવનો મનોરથ' પણ કહે છે.

સૌજન્ય : પુષ્ટિની કલાસૃષ્ટિ

## કોસીની રહસ્યલીલા

એક વખત સૂર્યગ્રહણ નિમિત્તે દ્વારકાધીશ શ્રીકૃષ્ણ તેમનાં સોળ હજાર એકસો આઠ પટરાણીઓ સાથે કુરુક્ષેત્ર પધાર્યા. વ્રજમાંથી શ્રીરાધાજી સહિત બધા વ્રજભક્તો પણ ત્યાં પધાર્યા. સૌ ત્યાં મળ્યા.

શ્રીરાધાજી અને શ્રીરૂકમણિજીએ શ્રીકૃષ્ણનો એક હાથ પકડયો. શ્રીરૂકમણિજીને લાગ્યું કે રાધાજી મારા પતિને વ્રજમાં લઈ જશે, એટલે તેમની દિશામાં શ્રીકૃષ્ણને ખેંચવા લાગી.

આથી શ્રીકૃષ્ણે બે સ્વરૂપ ધારણ કર્યા. એક સ્વરૂપે શ્રીરૂકમણીજી સાથે પધાર્યા. બીજા સ્વરૂપે શ્રીરાધાજી સાથે વ્રજમાં પધાર્યા. વ્રજમાં અહીં કુશસ્થલીમાં શ્રીરાધાજીએ વિનંતી કરી : આપની દ્વારીકાનગરી મને દેખાડો. ત્યારે શ્રીકૃષ્ણે અહીં દ્વારકાની રચના કરી. ગોમતીજી સહિત દ્વારકાં બતાવી. પોતે ચતુર્ભુજ સ્વરૂપે દર્શન આપ્યાં.

ત્યારે શ્રીરાધાજીએ કહ્યું : અમે તો બે ભુજાવાળા શ્રીકૃષ્ણથી રાજી છીએ. અમારે ચતુર્ભુજ સ્વરૂપ જોઈતું નથી. તેથી શ્રીકૃષ્ણ દ્વિભુજ બનીને અહીં બિરાજ્યાં.

# ૨૫૨ વૈષ્ણવોની વાર્તા

## એક વ્રજવાસી, એક મોચી-બનિયા, એક બ્રાહ્મણ

હવે શ્રીગુંસાઈજીનો સેવક, એક વ્રજવાસી, એક મોચી-બનિયા, એક બ્રાહ્મણ, તેમની વાર્તાનો ભાવ કહે છે.

**ભાવપ્રકાશ :** એ તામસ ભકત છે. લીલામાં વ્રજવાસી તો ''રોહિત ગોપ'' છે અને મોચી-બનિયા ''કાલિકા'' છે. ''કાલિકા'' ની એક સહચરી છે. તેનું નામ ''સંસયા'' છે. એ ''સંસયા'' અહીં બ્રાહ્મણનું પ્રાગટય જાણવું. એ ''સુગંધની'' થી પ્રગટયા છે, તેથી એમના ભાવરૂપ છે.

### વાર્તા પ્રસંગ : ૧

એક સમયે શ્રીગુંસાઈજી દ્વારિકાજી પધાર્યા. વ્રજવાસી આપની સાથે હતા. એક ગામમાં મુકામ થયો. એ ગામમાં એક વાણિયો જોડા વેચતો. એને સૌ મોચી કહેતા. એ મોચી-વાણિયાને દેવીનું વરદાન હતું કે એ જેને એક કહે કે મરી જા, તે મરી જતો. દેવી એ મોચી સાથે બોલતી. એ મોચી વાણિયાને દુકાને એક વ્રજવાસી જોડા પહેરવા ગયો. મોચીએ કિંમત ઠરાવીને વ્રજવાસીને જોડા પહેરાવી દીધા. એટલામાં પાંચ-સાત ઘરાક બીજા આવી ચઢયા. એમને જોડા દેખાડવા લાગ્યો. પેલા વ્રજવાસીએ કહ્યું કે તારા દામ લઈ લે. પણ એ તો લઉં લઉં કરે. પણ લે નહીં. બીજાને જોડા પહેરાવે. બે-ચાર વાર વ્રજવાસીએ કહ્યું કે પૈસા લઈ લે. પણ એ સાંભળે નહીં પેલા વ્રજવાસીને ગુસ્સો આવ્યો, તે જોડા સાથે મોચીને લાત મારી. ત્યારે એણે કહ્યું કે મર, મર, પણ કશું થયું નહીં.

પછી વ્રજવાસી તો પૈસા ચૂકવી મુકામે ગયો. પેલો મોચી ઊભો થઈ ઘરમાં જઈને જુએ છે તો દેવી ધ્રુજે છે. મોચીએ દેવીને કહ્યું કે તું કાંપે છે કેમ? તારું વચન તા ચાલ્યું નહીં. દેવીએ કહ્યું કે એ તો વૈષ્ણવ વ્રજવાસી શ્રીગુંસાઈજીના સેવક છે. શ્રાપ બીજાને લાગે. તે એને આવું કહ્યું તેથી હું કાપું છું. મોચીએ કહ્યું કે તમારાથી બીજું કોઈ મોટું છે? દેવીએ કહ્યું કે મારાથી મોટા વૈષ્ણવ છે. વૈષ્ણવથી મોટા શ્રીગુંસાઈજી. મોચીએ કહ્યું કે હું એમના શરણે જઈશ.

પછી મોચી જયાં શ્રીગુંસાઈજીનો મુકામ હતો ત્યાં આવ્યો. વ્રજવાસીને પગે પડીને કહ્યું કે મને વૈષ્ણવ કરો. વ્રજવાસીએ શ્રીગુંસાઈજીને વિનંતી કરી કે મહારાજ! મોચી શરણે આવે છે. એને શરણે લેશો? ત્યારે શ્રીગુંસાઈજીએ કહ્યું કે મોચી છે? જોડા વેચે છે? મોચીએ કહ્યું કે મહારાજ! વાણિયો છું. ધંધો મોચીનો છે. હવે એ ધંધો નહીં કરું. કાપડની દુકાન કરીશ. શ્રીગુંસાઈજીએ કૃપા કરીને એને નામ સુણાવ્યું. મોચીએ ઘેર આવી જોડા બધા વેચી દીધા. રાતોરાત આખું ઘર લીંપ્યું-પોત્યું. સવારે સ્ત્રીને શ્રીગુંસાઈજી પાસે નામ સુણાવડાવ્યું. તે દિવસે વ્રત કર્યું. દેવીને ખાડામાં પટકી. બીજે દિવસે શ્રીગુંસાઈજીએ સ્ત્રી-પુરૂષને બ્રહ્મસંબંધ કરાવ્યું.

પછી તેણે વિનંતી કરી કે મહારાજ! હવે શી આજ્ઞા છે? શ્રીગુંસાઈજીએ કહ્યું કે શ્રીઠાકોરજીની સેવા કરો. આપે એક વ્રજવાસીને આજ્ઞા કરી કે આની ઘેર જઈને ખાસા, સેવકી, સેવાની વિધી કરાવી આવ. વ્રજવાસીએ જઈને આખું ઘર ખાસા કરાવી, વાસણ પલટાવ્યાં. જળઘરાની વિધિ બધી બતાવી. પછી શ્રીગુંસાઈજીએ સેવા પધરાવી દીધી. પાંચ-સાત દિવસ પોતે એ જ ગામમાં મુકામ રાખ્યો. સેવાની બધી રીત શીખવાડી.

પછી પોતે શ્રીરણછોડનાં દર્શન કરી વ્રજમાં પધાર્યાં. આ બંને સ્ત્રી-પુરૂષ ભલીભાંતિ સેવા કરવા લાગ્યા. કાપડની એક દુકાન કરી, રોજ સવારે ઊઠીને સ્ત્રી તો સામગ્રી કરે, પોતે મંગળા કરી શ્રૃંગાર ધરાવી, પછી દુકાન પર જાય. સ્ત્રી શ્રૃંગાર ભોગ, રાજભોગ ધરે, આ રાજભોગ આરતી સમયે જઈને રાજભોગ આરતી કરે. અનોસર કરી, ગાયને પ્રસાદ મૂકી મહાપ્રસાદ લઈને દુકાને જાય. આમ આની કાપડની દુકાન ચાલતી.

એક દિવસે એક બ્રાહ્મણ વૈષ્ણવ એ ગામમાં આવ્યો, તે એની દુકાન પાસે થઈને નીકળ્યો. આ મોચી વાણિયો એને ઊભો થઈને મળ્યો. શ્રીકૃષ્ણ સ્મરણ કરી દુકાન પર લઈ આવ્યો. ભાવથી ઘણું માન આપ્યું. પછી પોતાને ઘેર બ્રાહ્મણ વૈષ્ણવને લઈ ગયો. પોતે નાહીને રાજભોગ આરતી કરી. બ્રાહ્મણ વૈષ્ણવે શ્રીઠાકોરજીના દર્શન કર્યાં. પછી અનોસર કરીને બ્રાહ્મણ વૈષ્ણવને પોતાના ઘરમાં બધું દેખાડયું. આ ખાસા, આ સેવકી, આ અમારી સેવકી અલગ, અને આ શ્રીઠાકોરજીની ખાસા, આ સખડી, અનસખડી, દૂધઘર બધું દેખાડયું. પ્રસાદી અને ભોગ અલગ-અલગ મૂકતો. તે ખૂબ ઉજવળતાથી ચોખ્ખાઈથી કરતો. પછી આ બ્રાહ્મણ વૈષ્ણવ ઉજ્જવળતા-ચોખ્ખા જોઈને ખૂબ પ્રસન્ન થયો. પછી એને નવડાવ્યો અને પૂછયું કે તમારી ઈચ્છા હોય તો દૂધઘરની સામગ્રી લો, તે વખતે આ બ્રાહ્મણ વૈષ્ણવને કશી લૌકિક જાતિ વ્યવહારની સૂઝ ન રહી. તો જાતિ પૂછી. ચોખ્ખાઈ જોઈને કહ્યું કે સખડી લઈશ. ને પેલાએ આમને પૂછ્યું પછી સખડી, અનસખડી સારી પેઠે મહાપ્રસાદ લીધો. પછી બીડી લઈને એ તો ગામમાં ગયો. મોચી વાણિયો પોતાની દુકાને ગયો.

ગામમાં એક બીજા વૈષ્ણવને બ્રાહ્મણ વૈષ્ણવને જોઈને શ્રીકૃષ્ણસ્મરણ કર્યાં. પૂછ્યું તે તમે ક્યારે આવ્યા? બ્રાહ્મણે કહ્યું કે સવારનો જ આવ્યો છું. એણે પૂછયું કે ઉતારો કયાં કર્યો? ત્યારે કહ્યું કે હમણાં સુધી તો ફલાણા વૈષ્ણવને ત્યાં હતો. પેલાએ કહ્યું કે ચાલો મહાપ્રસાદ લો. બ્રાહ્મણે કહ્યું કે એને ઘેર મહાપ્રસાદ લીધો. ત્યારે પેલા વૈષ્ણવે કહ્યું કે તમે તો બ્રાહ્મણ છો. અને એ તો મોચી છે. જોડાનો વેપાર કરતો હતો. હવે સેવક થયો છે. ત્યારથી કપડાની દુકાન કરી છે. આ સાંભળીને બ્રાહ્મણના મનમાં ગ્લાની થઈ. સંદેહ થતાં માત્ર કપાળમાં સફેદ કોઢ નીકળ્યાં. એણે મનમાં કહ્યું કે સંદેહ કર્યો તેથી આ કોઢ થયો. પછી વિચાર્યું કે હવે તો શ્રીગુંસાઈજી પાસે જવું. તેઓ કૃપા કરશે તો સારો થશે, મટશે. પછી આ બ્રાહ્મણ વૈષ્ણવ શ્રીગુંસાઈજી પાસે આવ્યો. શ્રીગુંસાઈજીના દર્શન કર્યાં પછી વિધિપૂર્વક બધી વાત શ્રીગુંસાઈજી આગળ કહી. શ્રીગુંસાઈજીએ કહ્યું કે તે શંકા કરી. તેથી આ કોઢ થયો. હવે વ્રજપરિક્રમા કર. બધા કુંડમાં નાહી, બધા કુંડની રજ એના પર લગાડ. આ બ્રાહ્મણ વૈષ્ણવે વ્રજયાત્રા કરી. બધા કુંડની રજ લગાડી. તેથી અડધો કોઢ મટયો. અડધો રહ્યો. ફરી શ્રીગુંસાઈજી પાસે

આવી વિનંતી કરી કે મહારાજ! અડધો કોઢ મટયો છે અને અડધો હજી છે.

શ્રીગુંસાઈજીએ કહ્યું કે દ્વારિકાજીના માર્ગમાં હરિદાસની દીકરી છે. એની પાસે જાવ. એ સારો કરી દેશે. પછી આ વૈષ્ણવ હરિદાસની દીકરી પાસે આવ્યો. એણે આદરથી ભલીભાંતિ ઉતારો આપ્યો. પૂછયું કે કયાંથી આવ્યા છો? એણે કહ્યું કે શ્રીગુંસાઈજીએ તમારી પાસે મને મોકલ્યો છે. ત્યારે એણે ખૂબ પ્રસન્નતાથી કહ્યું કે શ્રીગુંસાઈજીએ ઘણી કૃપા કરી. પછી રાજભોગ આરતી કરી દર્શન કરાવ્યાં. પછી વૈષ્ણવને કહ્યું કે ઊઠીને નાહી લો, મહાપ્રસાદ લો. પછી બ્રાહ્મણ સ્નાન કરી અપરસમાં જ આવીને બેઠો. હરિદાસની દીકરીએ બ્રાહ્મણને પૂછયું કે સખડી લેશો કે અનસખડી લેશો? ત્યારે એણે કહ્યું કે સખડી લઈશ. પછી એણે સખડી મહાપ્રસાદ ધર્યો. બ્રાહ્મણે પ્રસન્નતાથી લીધો. મહાપ્રસાદ લઈને એ બેઠો. ત્યારે હરિદાસની દીકરીએ પૂછ્યું કે તમારું આવવુ કેમ થયું? બ્રાહ્મણ વૈષ્ણવે બધી વાત કરી. હરિદાસની દીકરીએ પોતાના ધણી માણેકચંદને જઈને કહ્યું કે શ્રીગુંસાઈજીએ મોકલ્યાં છે. તેથી એમને સારા કરવા જોઈએ. માણેકચંદે કહ્યું કે સારા થાય તેમ કરો. હરિદાસની દીકરીએ કહ્યું કે રૂપિયા બે હજાર જોઈએ, તો વૈષ્ણવ સારો થાય. માણેકચંદે કહ્યું કે ભલે. જે ખર્ચ થાય તે કરીશું.

પછી હરિદાસની દીકરીએ કહ્યું કે બધા ગામે કંકોત્રી લખીને બધા વૈષ્ણવોને બોલાવો. માણેકચંદે એ પ્રમાણે કર્યું. બધા વૈષ્ણવોને બોલાવ્યા. ધજા ઊભી કરી. મંડપ રોપ્યો. બધા વૈષ્ણવો આવ્યા. બધાને મહાપ્રસાદ લેવડાવ્યો. પછી હરિદાસની દીકરીએ પેલા બ્રાહ્મણ વૈષ્ણવને કહ્યું બધા વૈષ્ણવ મહાપ્રસાદ લઈને ઊઠે ત્યારે એક ડબરામાં થોડી થોડી બધાની જૂઠણ ભેગી કરી લેજો. આમ ત્રણ દિવસ લેજો. બધાની પાતળ ઊઠાવવી. બધું શુદ્ર કરવું. બ્રાહ્મણ વૈષ્ણવે વિશ્વાસપૂર્વક એ પ્રમાણે એક ડબરામાં બધાની જૂઠણ ભેગી કરી એને પોતે લઈ ગયો. બધી જગ્યા શુદ્ધ કરી. તેથી બીજે દિવસે કોઢ અડધો રહ્યો. ફરી બીજા દિવસે લીધું. તેથી તે કોઢ ચોથા ભોગનો રહ્યો. ફરી ત્રીજા દિવસે લીધું ત્યારે દેહ સોના જેવો થઈ ગયો. પછી એ બ્રાહ્મણ વૈષ્ણવે હરિદાસની દીકરીથી વિદાય લઈ શ્રીગુંસાઈજી પાસે આવ્યો. બધી વાત શ્રીગુંસાઈજીની આગળ કરી. કહ્યું કે મહારાજ! ત્યાં ખૂબ આનંદ આવ્યો.

હજારો રૂપિયા શ્રીગોવર્ધનનાથજીને ભેટ થયા. શ્રીગુંસાઈજીને ભેટ પણ ખૂબ થઈ હતી. તે બધી શ્રીગુંસાઈજી પાસે તેમણે પહોંચાડી.

તેથી વૈષ્ણવે જે કરવું તે વિચારીને કરવું અને જો વગર વિચાર્યે કરે તો સંદેહ ન કરવો.

ભાવપ્રકાશ : આ વાર્તાનો આશય એ છે કે ભગવદીય વૈષ્ણવોમાં જાતિબુદ્ધિ સર્વથા ન કરવી. કરવાથી અપરાધ થાય. ભગવદીય વૈષ્ણવનું સ્વરૂપ અલૌકિક જાણવું.

આ વ્રજવાસી બ્રાહ્મણ, મોચી-વાણિયો ત્રણે શ્રીગુંસાઈજીના આવા કૃપાપાત્ર ભગવદીય હતા. એમની વાર્તાનો પાર નથી, કયાં સુધી કહેવી!

\- પૂર્ણ
સૌજન્ય : ૨૫૨ વૈષ્ણવોની વાર્તા

**ગુસ્સો અને વાવાઝોડું**
**બંને સરખા હોય છે,**
**શાંત થયા પછી ખબર પડે**
**કે કેટલું નુકશાન થયું!!!**

## વૈષ્ણવ યુવા સંગઠન - ઈન્દ્રપુરી (વિપો) દ્વારા શ્રીમહાપ્રભુજીના પ્રાગટ્ય દિવસ નિમિત્તે ઉત્સવી સભાના સુંદર સંસ્મરણો...






# વૈષ્ણવ યુવા સંગઠન - ઈન્દ્રપુરી (વિપો) દ્વારા શ્રીમહાપ્રભુજીના પ્રાગટ્ય દિવસ નિમિત્તે ઉત્સવી સભાના સુંદર સંસ્મરણો...





# સિધ્ધાંત મુકતવલી

- ડૉ. પિયુષભાઈ પરીખ

**ક્લિષ્ટોપિ ચેદ્ ભજેત્કૃષ્ણં,**
**લોકો નશ્યતિ સર્વથા ।**

**જ્ઞાનાભાવે પુષ્ટિમાર્ગી**
**નિષ્ઠેત્પૂજોત્સવાદિષુ ।।૧૭।।**

**સાન્વયથાર્થ : ક્લિષ્ટ** - ક્લેશવાળો, **અપિ** - પણ, **ચેત્** - જો (લોક વિરક્ત બની), **કૃષ્ણમ્** - કૃષ્ણને, **ભજેત્** - ભજે (તો), **સર્વથા** - બધી રીતે, **લોક** - લોક (સંસાર), **નશ્યતિ** - નાશ પામે છે, **પુષ્ટિમાર્ગી** - પુષ્ટિભક્ત, **જ્ઞાનાભાવે** - જ્ઞાનના અભાવમા, અર્થાત્ પોતાના સ્વરૂપ અને ભગવત્સ્વરૂપનું જ્ઞાન ન હોય ત્યારે, **પૂજોત્સવાદિષુ** - (એકાદશસ્કંધમાં શ્રી ભગવાને ઉદ્ધવજીને કહેલી) પૂજાનો પ્રવાહ અને પર્વાદિકમાં થતા ઉત્સવ વગેરે જયાં ચાલુ હોય તેવા સ્થળોમાં, **તિષ્ઠેત્** - રહે



**ભાવાર્થ :** ક્લેશવાળો પણ વિરક્ત બની કૃષ્ણને ભજે તો તેનો સંસાર નાશ પામે છે.

જ્ઞાન ન હોય તો પણ પુષ્ટિમાર્ગીય ભક્ત શ્રીભાગવતમાં પરોવાઈને પૂજા ઉત્સવ વગેરેમાં તૈયાર રહે.

જે ભક્તને પોતાના સ્વરૂપનું જ્ઞાન નથી અને ભગવાનના સ્વરૂપનું જ્ઞાન નથી તે મધ્યમ અધિકારી પુષ્ટિ જીવો છે. આ પ્રકારે મધ્યમ મર્યાદા માર્ગી જીવો પણ હોય છે. આ પ્રકારના ભક્તોએ શ્રી ભાગવતમાં મનને પરોવવું. જયાં ભગવાનના ઉત્સવ થતાં હોય અને પૂજા પ્રવાહ ચાલતો હોય ત્યાં રહેવું.

**મર્યાદાસ્થસ્તુ ગંગાયાં,**
**શ્રીભાગવતત્પરઃ ।**

**અનુગ્રહઃ પુષ્ટિમાર્ગે,**
**નિયામક ઈતિ સ્થિતિઃ ।।૧૮।।**

**સાન્વયથાર્થ : મર્યાદાસ્થ** - મર્યાદામાર્ગમાં રહેલો (ભક્ત), **તુ** - તો (જ્ઞાનના અભાવમાં શ્રી ભાગવત પરાપણ થઈ), **ગંગાયામ્** - શ્રીગંગા તટે રહે, **પુષ્ટિમાર્ગ** - પુષ્ટિમાર્ગમાં, **અનુગ્રહ** - અનુગ્રહ, **નિયામક** - નિયામક છે, **ઈતિ** - આવી, **સ્થિતિઃ** - (પુષ્ટિમાર્ગની નિર્દોષ) મર્યાદા છે.

**ભાવાર્થ :** મર્યાદામાર્ગી હોય તો શ્રીભાગ-વતમાં તત્પર રહી ગંગાકાંઠે રહે.



ગંગા તટે ભાગવત પરાયણ મર્યાદા ભક્ત

પુષ્ટિમાર્ગમાં પ્રભુનો અનુગ્રહ જ નિયામક છે.

મર્યાદામાર્ગીએ ગંગાની પાસે રહેવું. આમ કહી તેમનું સ્થાન બતાવ્યું. સ્થાનનો આગ્રહ રાખ્યો. પુષ્ટિમાર્ગી માટે સ્થાનનો આગ્રહ નથી. જ્યાં ભગવાનો અનુગ્રહ થાય ત્યાં જ રહેવું. અનેક ભગવદીયોનો સત્સંગ થતો હોય ત્યાં ભગવાન બિરાજે છે. આથી આવા સ્થળોએ રહેવું.

ભગવાનનો અનુગ્રહ એટલે પુષ્ટિ. પુષ્ટિથી ઉત્પન્ન થયેલો ભક્તિમાર્ગ તે પુષ્ટિમાર્ગ સમજવો. પુષ્ટિથી જે ભક્તિ છે તે પુષ્ટિભક્તિ અનુગ્રહ ભગવાનનો એક ધર્મ છે. અનુગ્રહ પણ બે પ્રકારનો



અનુગ્રહથી શ્રીમહાપ્રભુજીના સેવક જીયદાસ સૂરીને માત્ર એક પ્રહરની સેવાથી જ પ્રભુ પ્રાપ્તિ...

છે. સાધારણ અને વિશેષ. સાધારણ અનુગ્રહમાં ભગવાન ભકતને લૌકિક અને અલૌકિક સર્વ ફળ આપે છે. વિશેષ અનુગ્રહમાં તો ભગવાન સ્વયં ફળ બની જાય છે. પુષ્ટિમાર્ગમાં વિશેષ અનુગ્રહ છે. અનુગ્રહથી કાળ, કર્મ અને સ્વભાવ પણ ભક્તને બાધા કરતા નથી. આવો અનુગ્રહ બધાને મળતો નથી. બ્રહ્માજી, મહાદેવજી અને લક્ષ્મીજી જેવા ભક્તોને પણ મળ્યો નથી પણ યશોદાજીને પ્રાપ્ત થયો છે.

(ક્રમશઃ)

પેજ નંબર - ૨૭ થી આગળ

- શરદી, ફેફસાંનો સોજો, દમ, નાક, ગળું અને ફેફસામાં પાણી ભરાવું. લસિકા ગ્રંથિઓનો સોજો, ગળાનો સોજો વિગેરેમાં રાહત મળે છે એનાથી નાક અને મસ્તિષ્કમાં ધૂળની રજ, જે ન્યુમોનિયા અને ગાંઠ જેવા રોગોનું કારણ છે એ જમા થતી નથી.

**કપાલભાતિ આસન કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો :** રેચક સમયે હવાનું ઘર્ષણ ગળાની અંદર, તળિયા પાસે ન થવું જોઈએ, તેમ થશે તો શુષ્કતા અને બળતરા થશે. પૂરક તથા રેચકમાં માત્ર પેટની જ હલચલ થાય એટલે કે છાતીની હલચલ જરા પણ કરવાની નથી. હૃદયની સમસ્યા, વર્ટિગો, અપસ્માર (ખેંચ), નસકોરીની સમસ્યા, હર્નિઆ, સ્ટ્રોક, પેટનાં ચાંદા અને લાંબા સમયથી પીઠની પીડા ધરાવતી વ્યક્તિએ ન કરવું જોઈએ.

સાભાર :
ગુજરાત રાજ્ય યોગ બોર્ડ

## અયોધ્યા ખાતે રામનવમી નિમિત્તે ધાર્મિક કાર્યક્રમમાં હાજરી આપતા પ.પૂ.ગો.૧૦૮ શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રી...





# શ્રીમદ્ ભાગવત પ્રશ્નોત્તરી

**પ્રશ્ન : શ્રીમદ્ ભાગવત સર્વનો ઉદ્ધાર કરનાર કેમ છે?**

**જવાબ :** ત્રૈવર્ણિક એટલે બ્રાહ્મણ, ક્ષત્રિય તથા વૈશ્ય પુરૂષોનો ઉધ્ધાર વેદથી થાય છે. સ્ત્રીઓ અને શુદ્રોનો ઉધ્ધાર ઈતિહાસથી થાય છે. જે ભાગમાં વેદનો સાર રહેલો છે તે સમાધિભાષા છે અને જેમાં ઈતિહાસનો સાર છે તે મતાંતર કહેવાય છે. વેદ અને ઈતિહાસ બંનેનો સાર શ્રીમદ્ ભાગવતમાં હોવાથી તે ત્રૈવર્ણિક, સ્ત્રીઓ અને શુદ્રો સર્વનો ઉધ્ધાર કરનાર છે. શ્રીમદ્ ભાગવત દ્વારા માત્ર જીવવા મથનારા, કલ્યાણ મેળવવા મથનારા અને પ્રભુ મેળવવા મથનારા એ ત્રણેયને પોતાનું ઈચ્છેલું મળે છે. માટે શ્રીભાગવતજી સર્વોધારક છે.

**પ્રશ્ન : ભાગવતજી રચનાર શ્રીવ્યાસજી અને ભાગવતજીનો પ્રચાર કરનાર શ્રીશુકદેવજી કોના અવતાર છે?**

**જવાબ :** ભાગવત રચનાર વ્યાસજી વિષ્ણુ ભગવાનનો અવતાર છે અને ભાગવતજીનો પ્રચાર કરનાર શ્રી શુકદેવજી વસ્તુતઃ મહાદેવજીનો અવતાર છે.

**પ્રશ્ન : શ્રીમદ્ ભાગવત શાસ્ત્રનો અધિકાર ક્યારે પ્રાપ્ત થાય છે?**

**જવાબ :** શ્રીમદ્ ભાગવત શાસ્ત્રનો અધિકારી વિરક્ત છે. જેમ જેમ સંસારમાં વૈરાગ્ય થાય તેમ તેમ શ્રીમદ્ ભાગવતમાં અધિકાર પ્રાપ્ત થાય છે. ગુરૂ વાકયમાં શ્રદ્ધા, દીનતા હોય અને ચંચલતા, મલિનતા, કપટ, લોલુપતા ના હોય તે ભાગવત શાસ્ત્રનો અધિકારી છે. અધિકાર હોય પણ વૈરાગ્ય ના હોય તો વિલંબ થાય છે.

**પ્રશ્ન : વિષયાત્મક ભાગવત અને વિચારાત્મક ભાગવત કેટલા પ્રકારના છે?**

**જવાબ :** વિષયાત્મક ભાગવત અનેક પ્રકારનું છે. જયારે વિચારાત્મક ભાગવતજીના બે પ્રકાર છે. બ્રહ્માજીએ નારદજીને કહેલું છે. તે ઉત્પતિ પ્રકાર અને ભગવાને બ્રહ્માજીને કહેલું છે તે ઉત્પત્તિ પ્રકારનું કહેલું છે.

**પ્રશ્ન : શ્રીમદ્ ભાગવત કયારે ફલ આપે છે?**

**જવાબ :** જીતેન્દ્રિયતા અને જ્ઞાન આ બે શ્રીમદ્ ભાગવતના અંગો છે. જેનામાં આ બે વિશેષ હોય તેને શ્રીમદ્ ભાગવત ફલ આપે છે. આચરણ વગરનું જ્ઞાન અને પ્રમાદથી કરેલું શ્રવણ ફલ આપતું નથી.

**પ્રશ્ન : શ્રીમદ્ ભાગવતનો પ્રભાવ કેવો છે?**

**જવાબ :** શ્રીમદ્ ભાગવત ભગવદ્ રૂપ છે. તેથી જેમ ભગવાનનાં પોતાના સર્વ ભકતોમાં અસાધારણ પ્રભાવ છે. તેવો જે ભાગવતજીનું ચિંતન કરનારાઓમાં ભાગવતજીનો અસાધારણ પ્રભાવ છે માટે જ પ્રાચીન વૈષ્ણવો શ્રીભાગવતજીને ભોગ ધરતાં હતાં અને ભગવદ્ સ્વરૂપની જેમજ

સેવન કરતા હતા.

**પ્રશ્ન : શ્રી ભગવાનું ચરિત્ર ભાગવત ચૌદ લોકમાં કેવી રીતે વ્યાપેલા છે?**

**જવાબ :** આ ભગવાનનું ચરિત્રરૂપ ભાગવત ચૌદ લોકમાં વ્યાપી રહેલું છે. કારણકે ભગવાનના ચરિત્ર ભાગવતનું ગાન કરનાર બ્રહ્મા સનક વિગેરે ઉપરના લોકોમાં છે. ધ્રુવલોક સુધી બૃહસ્પતિ છે. ભૂમિ ઉપર પરાશર છે અને પાતાલમાં સંકર્ષણ જ છે. આમ ભાગવત ચૌદે લોકમાં વ્યાપી રહેલ છે.

**પ્રશ્ન : શ્રીમદ્ ભાગવત શાસ્ત્રનો મુખ્ય સિદ્ધાંત શું છે?**

**જવાબ :** આ શાસ્ત્રમાં મુખ્ય સિદ્ધાંત એ છે કે જે ઘણાં પ્રયત્નથી પણ ભગવાનનું કર્તવ્ય કરે છે તે મુખ્ય છે, જે ભગવાનની સેવા સ્વાર્થ વિના નિષ્કામ ભાવથી કરે છે તે મધ્યમ છે અને જે પોતાના સ્વાર્થ માટે ભગવાનની સેવા કરે છે તે અધમ છે.

આ શાસ્ત્રમાં પરોપકાર મુખ્ય સાધન છે. શ્રીભાગવતનો મુખ્ય સિદ્ધાંત પ્રેમ છે.

**પ્રશ્ન : શ્રીવલ્લભાચાર્યજીએ શ્રીમદ્ ભાગવતજીને કેટલા અર્થ આપી સમજાવ્યા છે? તે અર્થ કયા કયા છે?**

**જવાબ :** શ્રીઆચાર્યચરણ શ્રીભાગવતજીના સાત અર્થ કરે છે. (૧) શાસ્ત્રાર્થ (૨) સ્કંધાર્થ (૩) પ્રકણાર્થ (૪) અધ્યાયાર્થ (૫) વાક્યાર્થ (૬) પદાર્થ (૭) અક્ષરાર્થ એમ સાત અર્થોમાં વિરોધ ન આવે તેવી રીતે એક અર્થ સમજે તે મુક્ત થાય છે. આ બધા જ અર્થમાં ભાગવતનો મુખ્ય અર્થ શાસ્ત્રાર્થ છે તેથી તેને પહેલા ક્રમમાં મૂક્યો છે. ત્યાર બાદ છ અર્થો શાસ્ત્રાર્થના અવયવભૂત હોઈ શકિત સંકોચ પ્રમાણે તેમાં દુર્બલતા છે.

**પ્રશ્ન : શ્રીમદ્ ભાગવતજીની મુખ્ય પરંપરા કેટલી છે?**

**જવાબ :** શ્રીમદ્ ભાગવતજીની બે પરંપરા છે. (૧) પદ્મપુરાણની (૨) સ્કંદપુરાણની.

પદ્મપુરાણમાં શ્રી ભગવાને બ્રહ્માજીને, બ્રહ્માજીએ નારદજીને, નારદજીએ શ્રી વ્યાસજીને, વ્યાસજીએ શ્રીશુકદેવજીને અને શુકદેવજીએ પરિક્ષિતરાજાને ભાગવત સંભળાવેલું ત્યારે સૂતજી હાજર હતા.

જયારે સ્કંદપુરાણમાં વાસુદેવ સ્વરૂપે સંકર્ષણને, સંકર્ષણે સનતકુમારોને, સનતકુમારોએ સાંખ્યમુનિજીને, સાંખ્યમુનિજીએ પરાશરજીને, પરાશરજીએ મૈત્રયજીને ભાગવત કહેલું છે.

બંનેમાં ભગવાન જ બોલ્યા છે માટે બંને પરંપરા માન્ય જ છે.

**પ્રશ્ન : ભાગવતજીનું માહાત્મ્ય પદ્મપુરાણમાં કેટલા અધ્યાયથી કોના પ્રસંગ આપી દર્શાવેલ છે?**

**જવાબ :** પદ્મપુરાણમાં શ્રીભાગવતજીનું માહાત્મ્ય છ અધ્યાયથી જણાવેલું છે. તેમાં ૫૦૪ શ્લોકો છે.

૧) ભક્તિ અને નારદમુનિમાં સમાગમ.

૨) સનકાદિ કુમારો અને નારદનો સંવાદ.

૩) ભકતના કષ્ટનું નિવારણ.

૪) આત્મદેવ બ્રાહ્મણનો મોક્ષ.

૫) ગોકર્ણનું વર્ણન.

૬) શ્રી ભાગવતના શ્રવણનો વિધિ.

**પ્રશ્ન : શ્રીમદ્ ભાગવતજીનું માહાત્મ્ય સ્કંદપુરાણમાં કેટલા અધ્યાયથી કયા પ્રસંગો આપી દર્શાવેલા છે?**

**જવાબ :** સ્કંધપુરાણમાં શ્રીભાગવતજીનું માહાત્મ્ય ચાર અધ્યાયથી જણાવેલું છે. તેમાં ૧૯૯ શ્લોકો છે.

૧) વ્રજનાભ અને શાંડિલ્યનો સંવાદ.

૨) શ્રીકૃષ્ણ પત્નીઓ અને કાલિન્દીજીનો પરિચય

૩) ઉદ્ધવજીનું પધારવું અને શ્રીભાગવતજીના શ્રવણથી સર્વનું લીલામાં મગ્ન થવું.

૪) ભાગવત શ્રવણનો વિધિ તથા શ્રોતા - વક્તાનાં લક્ષણ.

લગભગ દરેક જગ્યાએ શ્રીમદ્ ભાગવત સપ્તાહમાં પદ્મપુરાણના માહાત્મ્યના ગોકર્ણ - ધંધુકારી પ્રસંગોનું શ્રવણ કરાવાતું હોય છે. સ્કંધપુરાણનું માહાત્મ્ય પણ પ્રમાણ સિદ્ધ જ છે. ભગવાને જ કહેલું છે છતાં સ્કંધપુરાણનું ઉત્તમોત્તમ શ્રીભાગવતનું માહાત્મ્ય ક્યાંય સાંભરવામાં આવતું જ નથી તો જિજ્ઞાસુઓએ ઉપર્યુક્ત ચાર અધ્યાય બાબત ખાસ ચર્ચા કરી - વિચાર કરી - પઠન કરવું આવશ્યક છે. સ્કંધપુરાણની અંદર શ્રીમદ્ ભાગવતજીનું માહાત્મ્ય ઉપરના ચાર અધ્યાયથી કહેવાયું છે તે જરૂર સાંભળવાનો આગ્રહ રાખી કૃતાર્થ થવું જોઈએ.

**પ્રશ્ન : શ્રીમદ્ ભાગવતજીનું માહાત્મ્ય ભાગવતજીમાં નથી પણ બીજા પુરાણોમાં કેમ છે?**

**જવાબ :** શ્રીમદ્ ભાગવતમાં કોઈ પણ પુરાણનું માહાત્મ્ય આપેલું નથી. પરંતુ ભાગવતનું માહાત્મ્ય ઘણાં પુરાણોમાં છે. પ્રથમ પદ્મપુરાણ, મત્સ્ય પુરાણ, વાયુપુરાણ, કૌશિકસંહિતા બૃહન્નારદીય પુરાણ, સ્કંધપુરાણ વિગેરે અનેક પુરાણોમાં છે. પણ ખાસ ભાગવતમાં હોવું જોઈએ તે કેમ નથી તેનું રહસ્ય નીચે મુજબ છે. ઉપર્યુક્ત બાબત લોક દ્રષ્ટાંતથી પણ સમજી શકાય છે.

કોઈપણ સદ્ગૃહસ્થના ઘરમાં છોકરો હોય અથવા કન્યા હોય તેનું લગ્ન કર્યુ તેમાં રૂપિયાનો ખર્ચ કર્યો હોય તે લગ્ન ઉત્સવ થયા પછી તે ઘરધણી ઘેર ઘેર પોતાને માટે જ પોતે કરેલ ઉત્સવની કે ખર્ચની બધી જગ્યાએ જઈ બડાઈ કરતો નથી અને એમ કરે તો તેની કિંમત કાંઈ રહે જ નહિ. આ રીતે ઘરધણી મૌન રાખે અને બીજા લોકો તેની વાહ વાહ કરે તો જ લોકો સાચું માને છે અને તેની કિંમત રાખે છે. પારકા લોકો વખાણ કરે અને કરનાર મૌન રહે તેની દુનિયામાં સારી ખ્યાતિ થાય છે.

તેવી જ રીતે શ્રીમદ્ ભાગવતજી શ્રેષ્ઠ છે. તે બાબતને બીજા પુરાણો ડંકો વગાડી મુક્ત કંઠે ભાગવતજીનું માહાત્મ્ય વખાણે તો જ ભગવાનનો મહિમા દુનિયમાં વધે. માટે ભાગવતનું માહાત્મ્ય ભાગવતમાં નથી પણ અન્ય અનેક પુરાણોમાં છે અને તેમાં અતિ શ્રેષ્ઠ ભવરોગને કાપનાર શ્રીકૃષ્ણની લીલાની પ્રાપ્તિ કરાવનાર તેમજ મનની શુદ્ધિ કરનાર તરીકેનું વર્ણન કરેલું છે.

વધુ આવતા અંકે
સૌજન્ય : શ્રીમદ્ ભાગવત પ્રશ્નોત્તરી

**એક વાત નિશ્ચિત છે**
**કે કશું જ નિશ્ચિત નથી !!!**

## વૃંદાવનના પ્રખ્યાત કથાકાર શ્રી રસિયા બાબા અને સમગ્ર પરિવાર સાથે પ.પૂ.ગો.૧૦૮ શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રીના સુંદર સંસ્મરણો...





# પુષ્ટિમાર્ગમાં સમર્પણ અને અહંતા-મમતા

શ્રીમહાપ્રભુજીએ કરેલી આજ્ઞાથી એ સ્પષ્ટ સમજાય છે કે, જીવ સર્વ સમર્પણ કરીને માર્ગમાં આવેલો હોવા છતાંય પોતાનામાં રહેલી અહંતા-મમતાના આધારે પોતે પોતાનું સ્વરૂપ, ભગવદ્ ભક્તનું સ્વરૂપ તેમજ શ્રીઠાકોરજીના સ્વરૂપને જાણી શક્યો નહિ.

કારણ કે વિધિપૂર્વક શરણ ભાવને વિચારતો નથી. વળી માર્ગની રીતે ચાલતો નહિ હોવા છતાંય પોતાની યોગ્યતા માનીને સ્વમાર્ગીય ભગવદ્ ભક્તનો સંબંધ કરતો નથી અને કદાચ કંઈપણ કરતો હોય તો અંતઃકરણપૂર્વક કરતો નથી.

આ માર્ગ દીનતાનો છે છતાંય જોઈએ તે દીનતા તેનામાં હોતી નથી. સ્વમાર્ગીય સેવાનો પ્રકાર જાણીને સેવા કરતો નથી અને કંઈ કરે છે તે માર્ગની રીતિ પ્રમાણે કરતો નથી. પોતાની ઉપર પધરાવેલ શ્રીઠાકોરજીના સ્વરૂપને ભૂલી જઈને જયાં ત્યાં ભટકયા કરે છે એટલે કે પોતાની ઉપર પધરાવેલા શ્રીઠાકોરજી પ્રત્યે જે "અનન્યતા" રાખવી જોઈએ તે નહિ રાખતા અન્યને ત્યાં જઈને ન કરવાનું કરે છે, તેમજ પોતાની ઉપર પધરાવેલા શ્રીઠાકોરજીને પોતાનું સ્વરૂપ માનીને પોતાનો અનન્ય ભાવ ટકાવી રાખતો નથી. એટલે જ પોતાના આવા વર્તનના આધારે શ્રીઠાકોરજીની લીલાનો ભેદ કયાંથી જાણે? પરંતુ આવું કરવાને બદલે પોતે કરેલા આત્મ નિવેદન મુજબ પોતાના અંતઃકરણથી ખરેખર પોતાનું દાસત્વ માનીને વિચારે કે મારામાં કંઈ નથી. હું તો કેવળ દાસ છું, શ્રીઠાકોરજીને આધીન છું, વળી મને જે કંઈ પ્રાપ્ત થયું છે તે મારું નથી પરંતુ તે બધુંય શ્રીઠાકોરજીનું છે. આવી રીતે નિત્ય વિચારી વિચારીને પોતાનામાં ઘર કરીને બેસી રહેલી અહંતા-મમતારૂપેની ખોટી સત્તાને છોડી દઈને અન્ય સૌની સાથે દીનતા રાખીને વર્તે, સ્વમાર્ગીય ગ્રંથો નિરંતર વાંચીને મનન કર્યા કરે અને પોતાની યોગ્યતા કંઈ જ નથી તેવું માનીને અનન્યતાનો પ્રભાવ બતાવનારા ભગવદ્ ભક્તોના સ્વરૂપ પ્રત્યે અલૌકિક દૃષ્ટિ રાખીને અને તેઓના જ સહવાસમાં રહીને નિરંતર સત્સંગમાં ડુબ્યો રહે તે અતિ યોગ્ય છે.

આમ આટલું કરે તો સમર્પણ કરેલા પદાર્થનું પોતાને જ્ઞાન થાય જે જ્ઞાન દ્વારા પોતાના સ્વરૂપોનો વિચાર કરે કે હું કોણ હતો?.. ભગવદ્ સંબંધ થયા પછી હવે હું કોનો થયો?.. આ માર્ગમાં હું શા માટે આવ્યો છું?.. અને હવે મારે શું કરવાનું છે?.. આમ આવી રીતે જયારે પોતાના ખરા અંતઃકરણથી થતાં ભગવદ્ ભક્તના સ્વરૂપને જાણે એ પછી તે ભગવદ્ ભક્તની કૃપા દ્વારા અનન્યતારૂપેથી સેવાનો પ્રકાર જાણીને પોતાના શ્રીઠાકોરજીમાં ચિત્ત રાખીને જયારે અનન્યતા ભાવે સેવા કરે ત્યારે શ્રીઠાકોરજીના સ્વરૂપને જાણે અને ત્યારે જ લીલા ભેદને પણ જાણી શકે છે.

આમ આવી ભાવનાને અનુસરીને

અનુસંધાન પેજ નંબર - ૧૦ થી આગળ

# શ્રી બેઠકજી ચરિત્ર માહાત્મ્ય

- નરોત્તમ તન્ના

## ૫૭ માં બેઠકજી શ્રી ખંભાળિયા

જામનગરથી દ્વારકા જતાં માર્ગમાં ખંભાળિયા નામે રેલ્વે સ્ટેશન આવે છે. રાજકોટ જામનગરથી બસ દ્વારા પણ ખંભાળિયા જવાય છે.

આજે જયાં ખંભાળિયા બસ સ્ટેશન છે તેની પાછળ થોડેક દૂર શ્રીમહાપ્રભુજીના આ બેઠકજી પ્રકટ બિરાજે છે. રેલ્વે સ્ટેશનથી એકાદ માઈલ દૂર નદીના કિનારે આ બેઠકજી છે. શ્રી મહાપ્રભુજી ખંભાળિયા જઈને કુંડ પાસે એક છોંકરના વૃક્ષ નીચે બિરાજયાં. પછી આપશ્રીએ દામોદરદાસજીને આજ્ઞા કરી, 'આ સ્થળ ઘણું સુંદર છે તેથી આપણે અહીં સપ્તાહ કરીશું.' નવાનગરની માફક આ સ્થળે પણ કોઈ જાણીતું એવું ભગવદ્ સ્વરૂપ બિરાજતું નથી. લાગે છે કે પ્રેતયોનિમાં રહેલા એક દૈવી જીવનો ઉદ્ધાર કરવા માટે આપશ્રી અહીં બિરાજયા હશે.

સાંજ પડતા એક બ્રાહ્મણ આપશ્રીની પાસે આવ્યો અને આપશ્રીને કહ્યું, 'મહારાજ, આ સ્થળે આપ રાત્રિ નિવાસ ન કરશો. અહીં આમલીના વૃક્ષ ઉપર એક પ્રેત રહે છે. રાત્રીના સમયે અહીં જે જીવ રહે છે તેને તે પ્રેત ખાઈ જાય છે. તેથી હું આપશ્રીને વિનંતી કરું છું કે રાત્રીના સમયે આપશ્રી શહેરમાં આવીને બિરાજજો.' આવું કહી તે બ્રાહ્મણ ચાલ્યો ગયો. આપશ્રીના રાત્રિના સમયે પણ ત્યાં રહ્યા; અને શ્રીમદ્ ભાગવતનો પાઠ કરવા લાગ્યા.

તે સમયે કૃષ્ણદાસ મેઘન અપરસનાં વસ્ત્રો ધોવા કુંડ ઉપર ગયા. તે સમયે પેલો પ્રેત ત્યાં આવ્યો. પરંતુ તેમની નજીક ન આવી શકતાં દૂર ઊભો ઊભો તે ચારે દિશામાં ડોલવા લાગ્યો. કૃષ્ણદાસે તેને જોયો અને કહ્યું, 'તું આ ચારે દિશામાં શા માટે ડોલે છે? તારે આવવું હોય તો આવ; હું અહીં જ ઉભો છું.' એવું સાંભળીને તે પ્રેત બોલ્યો, 'તમે તો બહુ મોટા ભગવદીય હોય એવું મને લાગે છે. મારા ઉપર આપ કૃપા કરો અને મારો ઉદ્ધાર કરો. પ્રેત યોનિમાં પડીને હું બહુ દુઃખ પામું છું.' ત્યારબાદ કૃષ્ણદાસ અપરસનાં વસ્ત્રો સૂકવીને શ્રીઆચાર્યજી પાસે ગયા અને વિનંતી કરી કે, 'મહારાજ, પેલો પ્રેત આવ્યો છે. પોતાના ઉદ્ધાર કરવા તે વિનંતી કરે છે' ત્યારે આચાર્યશ્રીએ આજ્ઞા કરી, 'તું ચરણોદક લઈ તેના ઉપર છાંટ.' કૃષ્ણદાસે તેમ કર્યું. તત્ક્ષણ તે પ્રેતયોનિમાંથી મુક્ત થયો અને દૈવી સ્વરૂપ ધારણ કરી વિમાનમાં બેસી તે વૈકુંઠમાં ગયો.

આ પ્રસંગને અનુલક્ષીને ભગવદીય વૈષ્ણવો ભાવપૂર્વક ગાય છે –

**ચરણોદક લેત પ્રેત તત્ક્ષણ તેં મુક્ત ભએ ।**
**કરુણામય નાથ સદા આનંદ નિધિ કંદે ॥**

પછી આપશ્રીએ તે સ્થળે ભાગવત સપ્તાહ કરી. તેમાંથી સૌ કોઈના મનને અલૌકિક આનંદની પ્રાપ્તિ થઈ. આ ચરિત્ર આપશ્રીએ શ્રીખંભાળિયાનાં બેઠકજીમાં પ્રકટ કર્યું છે.

- પૂર્ણ

ગો.વા.પ.ભ.શ્રી. રાજેશભાઈ પરીખ (જગદીશ લેઘર) ના જયશ્રીકૃષ્ણ

આરોગ્ય

# શ્વાસોશ્વાસની ઉત્તમ ક્રિયા એટલે કપાલભાતિ

આરોગ્ય

(૧૦-૨૦ સ્ટ્રોક - ૩ વાર) કપાલભાતિ બે શબ્દો એટલે કે કપાળ+ભાતિનો બનેલો છે. 'કપાળ' નો અર્થ છે 'ખોપરી' અને 'ભાતિ' નો અર્થ છે 'ચમકાવવું' કે શુદ્ધ કરવું. કપાલભાતી ખોપરીના વાંચુકોટરો શુદ્ધિ કરવાની ક્રિયા છે.

- કપલાભાતિના અભ્યાસમાં સિદ્ધાસન, પદ્માસન અથવા વ્રજાસનમાં જ બેસવું, કારણ કે કપાલભાતિ શ્વાસોશ્વાસની તીવ્ર ક્રિયા છે. પદ્માસનમાં સ્થિર સ્થિતિમાં બેઠા પછી બંને હાથ ઢીંચણ પર ધ્યાન મુદ્રામાં ગોઠવો.
- શરીર થોડું જ આગળ નમાવો. કમરથી ઉપરનું શરીર મસ્તક સહિત સીધી રેખામાં રાખો જેથી શ્વસન ક્રિયામાં કોઈ અવરોધ ન થાય.
- શ્વાસ અંદર લેતી વખતે છાતીને જે પ્રમાણે ફૂલે છે એ જ પ્રમાણે છાતીનો ફૂલાવેલી અવસ્થામાં ઉપર ઉઠાવી રાખો. પેટ ઢીલું રાખો.



- હવે પૂરકમાં શ્વાસ લેવાની ક્રિયા પૂરી થવાની સાથે જ પેટને અંદર તરફ (નાભિ પાસે થોડો નીચે) ધક્કો દો.
- આમ કરવાથી પેટની માંસપેશીઓ સંકોચાશે. આ દરમિયાન હવાને જોરથી નાક દ્વારા બહાર ફેંકો.
- જેવી રીતે નાક સાફ કરતી વખતે આપણે કરીએ છીએ.
- ત્યારબાદ પૂરક કરવાનો નથી એ આપમેળે જ ક્રિયા થાય, રેચક એક જ રીધમ લયમાં કરો.

### કપાલભાતિના અનેક ફાયદાઓ...

- નકારાત્મક વિચારો બદલાઈને હકારાત્મક બને છે.
- ફેફસામાં સ્થિત અશુદ્ધ હવા અધિક માત્રામાં બહાર નીકળવાથી સામાન્ય શ્વસન કરતાં વધુ માત્રામાં શુદ્ધ હવા ફેફસામાં ભરાય છે, આથી શારીરિક કોષો અને મસ્તિકને અધિક માત્રામાં પ્રાણવાયુ પ્રાપ્ત થાય છે.
- નાક અને મસ્તિષકની સુક્ષ્મ નાડીઓની શુદ્ધિ થાય છે.
- જ્ઞાનતંત્ર ચેતનવંતુ બને છે તથા રક્ત પરિભ્રમણ સુધરે છે.

અનુસંધાન પેજ નંબર - ૨૧ ઉપર

# ભરૂચ ખાતે વૈષ્ણવ પરિવારના નવા ઘરનું ભૂમિપૂજન કરતા પૂ. દ્વારકેશલાલજી મહારાજશ્રીના સુંદર સંસ્મરણો...





આરોગ્ય

# ધ્યાન મુદ્રા - જીવનમાં પરિવર્તન

આરોગ્ય


ધ્યાન સામાન્ય મનુષ્યને તો મહાન બનાવે છે, પણ ધ્યાન ગુંડાઓ, ડાકુઓ, લૂંટારાઓ વગેરેમાં પણ મહાન પરિવર્તન લાવે છે અને એટલા માટે જ તો હવે જેલમાં કેદીઓ માટે પણ ધ્યાનમાં-વિપશ્યનાના માર્ગો શરૂ કરવામાં આવે છે અને એનાથી કેદીઓની વૃત્તિમાં ઘણું ઘણું પરિવર્તન નોંધાયેલું જોવા મળે છે. તેમની હિંસક અને લડાયક વૃત્તિઓ ધ્યાનથી શાંત બની જાય છે.

આપણે પેલા લૂંટારાની સુપ્રસિધ્ધ કથા તો જાણીએ જ છીએ. જંગલમાંથી પસાર થઈ રહેલા નારદ મુનિએ એ લૂંટારાને સમજાવ્યું કે લૂંટ કરવી એ પાપ છે પણ લૂંટારો માનતો હતો કે તેનાં માતાપિતા, પત્ની, પુત્ર બધાં માટે લૂંટ કરે છે એટલે એ પાપના ભાગીદાર સહુ કોઈ બને છે. નારદજીએ તેના પરિવારજનોને પૂછી આવવા જણાવ્યું. એ પ્રમાણે તે નારદજીને વૃક્ષના થડ સાથે બાંધીને પોતાના ઘરે પૂછવા ગયો. બધાંને પૂછ્યું. સહુએ જવાબ આપ્યો : 'એ પાપ તું કરે છે, એમાં અમે ભાગીદાર ન બનીએ.' લૂંટારાની આંખ ખૂલી ગઈ. નારદજી પાસે આવીને તેમના પગમાં પડી તીવ્ર પશ્ચાતાપ કરવા લાગ્યો.

નારદજીએ તેને ભગવાનનું ધ્યાન કરવાનું કહ્યું. મંત્ર આપ્યો. એ લૂંટારો રાત-દિવસ ભગવાનના ધ્યાનમાં મગ્ન બની ગયો. એટલે ઊંડા ધ્યાનમાં લીન થઈ ગયો કે તેના શરીરની આજુબાજુ ઉધઈના રાફડા લાગી ગયા. તેને આજુબાજુનું કંઈ ભાન ન રહ્યું. વરસો સુધી આ રીતે તપશ્ચર્યા કર્યા બાદ આકાશવાણી તેણે સાંભળી, 'હે ઋષિ, જાગો, હવે તમે લૂંટારા નથી રહ્યા. ઉધઈના રાફડા એટલે કે વાલ્મીકમાંથી તમારો જન્મ થયો છે, એટલે તમે હવે ઋષિ વાલ્મીકિ ગણાશો.' આપણે જાણીએ છીએ કે ઋષિ વાલ્મીકિ કેટલા મહાન હતા. તેમણે રામાયણની રચના કરી હતી. લૂંટારાને પણ ઋષિમાં પરિવર્તન કરવાની પ્રબળ શક્તિ ધ્યાનમાં રહેલી છે.

ધ્યાનથી મન હકારાત્મક બને છે. તેની બધી નકારાત્મક વૃત્તિઓ ધ્યાનના પ્રભાવથી ખરી પડે છે અને મન શુદ્ધ થતાં માનસિક સ્વાસ્થ્ય પણ ઉત્તમ બને છે. ધ્યાન દ્વારા જ મનુષ્ય પોતાની પ્રકૃતિ ઉપર વિજય મેળવી શકે છે. જેણે પોતાના બેકાબૂ મન અને બંડખોર પ્રકૃતિ ઉપર વિજય મેળવી લીધો છે, એ વિશ્વવિજયી સમ્રાટ કરતાં પણ મોટો સમ્રાટ ગણાય.

સાભાર :
સફળતાના સ્વર્ણિમ સોપાનો



આરોગ્ય

# ઉનાળાનું સુપર ફૂડ એટલે તરબૂચ

આરોગ્ય

તરબૂચમાં વિટામિન, મિનરલ્સ તેમજ એન્ટી ઑક્સિડેટ્સથી ભરપૂર હોય છે. તરબૂચમાં ૯૦ % પાણી હોય છે. તરબૂચને ઉનાળામાં ખાવાની મજા જ કંઈક અલગ છે.

તરબૂચ સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક છે, કારણ કે તેમાં ફેટ કે કોલેસ્ટ્રોલ નથી હોતા. તરબૂચમાં રહેલા ફાઈબર અને પાણી શરીરની સિસ્ટમમાં રહેલા ઝેરી તત્વોને બહાર કાઢવામાં મદદરૂપ થાય છે. તરબૂચ તમારી ત્વચાને સ્વસ્થ તેમજ ચમકદાર બનાવે છે. સાથે જ આપણા શરીરના પાચન તંત્રને પ્રાકૃતિક રીતે મજબૂત બનાવવામાં મદદરૂપ થાય છે.

કોઈપણ ફળ કે શાકભાજી કરતા તરબૂચમાં સાઈટો ન્યૂટ્રીશિયન હોય છે, જેને "લાયકોપેન" કહેવામાં આવે છે જે તરબૂચમાં ભરપૂર પ્રમાણમાં રહેલું હોય છે. લાયકોપેન એટલે રેડ પિગમેંટ જે ટામેટામાં પણ હોય છે જે વિવિધ પ્રકારના કેન્સર ખાસ કરીને પ્રોસ્ટેટ, ફેફસાના કેન્સરને ઘટાડવામાં મદદરૂપ થાય છે. લાઈકોપેન હાર્ટ એટેકના સંકટને પણ ઓછો કરવામાં મદદરૂપ થાય છે.

તરબૂચમાં વિટામીન-સી ભરપૂર પ્રમાણમાં હોય છે. વિટામીન-સી તમારા ઈમ્યૂન સિસ્ટમને મજબૂત કરે છે અને રોગોનો સામનો કરવામાં મદદરૂપ થાય છે. આંખોના મોતિયાના સંકટને



નયનાબેન અવિરતભાઇ પટેલ (નડીયાદ) ના જયશ્રીકૃષ્ણ

ઓછું કરવામાં મદદરૂપ થાય છે.

તરબૂચમાં વિટામીન-એ ભરપૂર પ્રમાણમાં રહેલું હોય છે. જે કોઈપણ ઈંફેક્શનથી બચાવામાં મદદરૂપ થાય છે. અસ્થમા, આર્થરાઈટિસ અને ડાયબિટીસમાં ખૂબ જ મદદરૂપ થાય છે. ડાયબિટીસ માટે તરબૂચના બીજ ફાયદાકાર સાબિત થાય છે.

તરબૂચમાં રહેલું પોટેશિયમ બ્લડ પ્રેશરને કંટ્રોલ કરવાનું કામ કરે છે તથા કિડની સ્ટોનને વધતા રોકે છે.

તરબૂચમાં રહેલા વિટા કૈરોટિનના કારણે રાત્રે જોવાની ક્ષમતામાં ઘણો સુધારો થાય છે. વૈજ્ઞાનિકોનું માનવું છે કે વીટા કૈરોટિન અને વિટામીન-સી હાર્ટ ડિસીઝ, કેંસર તથા બીજી ઘણી બીમારીઓમાં મદદરૂપ થાય છે.

**• ડિહાઈડ્રેશન અટકાવવામાં મદદરૂપ...**

તરબૂચમાં રહેલ પાણી ઉનાળામાં શરીરમાં પાણીની ઉણપને પૂર્ણ કરે છે. ડિહાઈડ્રેશનથી બચાવવા તથા તે શરીરને ઠંડુ રાખવામાં પણ મદદરૂપ થાય છે. ઉનાળામાં તરબૂચને તમારા આહારમાં જરૂરથી ઉપયોગ કરવો જોઈએ.

**• પાચનતંત્ર સ્વસ્થ રાખવામાં મદદરૂપ...**

તરબૂચમાં સારી માત્રામાં ફાઈબર હોય છે જે પાચનતંત્રને મજબૂત તથા સ્વસ્થ રાખવામાં મદદરૂપ થાય છે. તે કબજિયાતની સમસ્યા ઘટાડી પેટને હલકું રાખવામાં મદદરૂપ થાય છે.

**• વજન ઘટાડવામાં મદદરૂપ...**

વજન ઓછું કરવા માંગતા લોકો માટે તરબૂચ એક ઉત્તમ વિકલ્પ બની શકે છે. તેમાં કેલરી ખૂબ ઓછી હોય છે અને ફાઈબરનું પ્રમાણ વધુ હોય છે, જેના કારણે પેટ લાંબા સમય સુધી ભરેલું રહે છે અને વારંવાર ભૂખ લાગતી નથી.

**• ત્વચાને ચમકદાર બનાવવમાં મદદરૂપ...**

તરબૂચમાં સારી માત્રામાં એન્ટીઑક્સિડન્ટ અને વિટામીન-સી હોય છે, જે ત્વચાને ચમકદાર બનાવામાં મદદરૂપ થાય છે, તે ત્વચાનો હાઈડ્રેટ રાખે છે અને કરચલીઓ ઘટાડવામાં પણ મદદ કરે છે.

**• હૃદયને સ્વસ્થ રાખવામાં મદદરૂપ...**

તરબૂચમાં લાઈકોપીન નામનું તત્વ હોય છે, જે હૃદયને સ્વસ્થ રાખવામાં મદદરૂપ થાય છે. તે ઉપરાંત કોલેસ્ટ્રોલના સ્તરને પણ નિયંત્રિત કરે છે અને બ્લડ પ્રેશરને સંતુલિત રાખે છે.

નોંધ : ડાયબિટીસમાં જો સુગર લેવલ વધારે હોય તો ડોકટરની સલાહ મુજબ જ મર્યાદિત માત્રામાં ખાવું, કારણ કે તેમાં નેચરલ સુગર રહેલું હોય છે. **બજારમાં ઉપલબ્ધ તરબૂચમાં વધુ મીઠાશ માટે ઈન્જેકશન આપવાનો પ્રયોગ થાય છે માટે જરૂર લાગે તો એક ટુકડો પાણીમાં નાખી જોઈ લેવું. જો કલરવાળુ તરબૂચ હશે તો પાણી લાલ થઈ જશે.**

**ડિસ્કલેમર :** અહીં આપેલી માહિતી (ઈન્ટરનેટ માધ્યમ) આયુર્વેદિક અને ઘરગથ્થુ ઉપાય આધારિત છે. જેનો ઉપયોગ કરતાં પૂર્વે નિષ્ણાંત તબીબની સલાહ લેવી જરૂરી છે.



## ASPIRE – Sports Medicine Platform - Ahmedabad
## ની મુલાકાત લેતા પૂ.મહારાજશ્રીના સુંદર સંસ્મરણો...





# ASPIRE – Sports Medicine Platform - Ahmedabad
# ની મુલાકાત લેતા પૂ.મહારાજશ્રીના સુંદર સંસ્મરણો...





જીવન સંદેશ

# જે ઉતાવળે ભૂલ કરે તે નિરાંતે પસ્તાય

જીવન સંદેશ

ફળ પરિપક્વ થાય પછી ખરી પડે છે પણ માનવી પડ્યા પછી પરિપક્વ થાય છે. માનવ જીવનમાં કોઈપણ કાર્ય કરવા માટે 'શોર્ટ કટ' હંમેશા પ્રચલિત હોય છે. કાર્યને જલદી પતાવવા માટે જેમ-તેમ પૂર્ણ કરવામાં આવે છે. કામમાં વેઠ ઉતારે છે. ઉતાવળથી તનાવ આવે. વિશ્વાસ ઘટે અને કાલ્પનિક ભય મન પર કબજો કરી લે છે. જ્યારે ધીરજ ધારણ કરનારમાં ધીરતા અને ગંભીરતા આવે છે. ધૈર્યની સાથે શાંતિ અને સ્વસ્થતા હોય છે. ધીરજ રાખનાર માટે ધારેલું કાર્ય પાર પાડવાની ઉજ્જવળ શકયતા રહેલી છે.

**કહેવત છે ને... ઉતાવળે આંબા ના પાકે... અને ધીરજના ફળ મીઠાં હોય છે.**

મિત્રો, આપણે પ્રભુમાં અખૂટ શ્રદ્ધા રાખીએ છીએ તેમજ માનીએ છીએ કે ધાર્યું તો ધણી (ઈશ્વર) નું જ થાય છે. જયારે આપનું ધારેલું ન થાય ત્યારે સમજવું કે ઈશ્વરનું સુધારેલું ચોક્કસ થશે. જીવનમાં જરાક ધાર્યું ના થાય તો આપણે અપસેટ થઈ જઈએ. ક્રોધિત થઈને સમગ્ર દુનિયાને ઉતાવળ કરીને ભલી-બૂરી કહી દઈએ છીએ. આઘાત આવે કે વગર વિચારે પ્રત્યાઘાત આપી દઈએ છીએ. ધીરજ ધારણ કરવા માટે સમજવું બહુ જરૂરી છે.

સંસારમાં કોઈ વ્યક્તિ મિત્ર કે શત્રુ બનીને નથી આવતા, પરંતુ વાણી, વ્યવહાર અને વર્તન મિત્રતા કે શત્રુતા નક્કી કરે છે. બીજું, બધા લોકો બધી જગ્યાએ કામ આવે તે જરૂરી નથી. આસોપાલવ કદાચ છાંયડો ના આપે પણ તે સ્વાગત અને શુકનના કામમાં તો આવે જ છે. લેવામાં અને મેળવવામાં રસ હોય તેટલો આપવામાં અને અપાવવામાં રસ રાખવો. એક માનસિકતાથી સૌ



અનિતાબેન દેવાંગભાઈ પટેલ (ઈપ્કોવાળા) ના જયશ્રીકૃષ્ણ

ગ્રસિત છીએ કે કંઈપણ બનાવ બને તો આપણે વિચારીએ છીએ કે આપણે શું? અને મારું શું? મિત્રો, માસિક આવક કરતા માનસિક આવકમાં ધ્યાન રાખીશું તો પસ્તાવાનો વારો આવશે નહીં.

હું કરું, મેં કર્યું, હું ના હોત તો ના થાત એવા ખોટા વહેમમાં અને અહંતામાં કદી ના રહેવું. આવી મનઃસ્થિતિમાં માણસમાં ઈર્ષા અને ક્રોધનું આગમન થાય છે અને ન કરવાનું કરી બેસે છે તથા મન ભરીને નિરાંતે પસ્તાવાનો વારો આવે છે. આવી પરિસ્થિતિમાં પારકાં સાથ છોડે છે અને પોતાના ભરોસો તોડે છે.

મિત્રો, સુખી થવા માટે ક્યાં તો પરિસ્થિતિ બદલો અને જો તેને માટે શક્તિમાન ના હોવ તો મનઃસ્થિતિ બદલવાની કોશિશ કરો.

મધુર સંબંધ મોટી વાતો કરવાથી નહીં, પરંતુ નાની-નાની વાતો સમજવાથી સાચો અને ગહેરો બને છે. સરસ પંક્તિ માણીએ.

**''દિલથી દુવા કરો તો માગેલું, બધું જ મળી જાય છે. વાણી અને વર્તનમાં જો મીઠાશ હોય તો, દુશ્મન પણ નમી જાય છે.''**

જીવનમાં શાંતિ જેવી કોઈ સંપત્તિ નથી. જીવનમાં દુઃખનું કારણ કાર્યનો અભાવ છે. જ્યારે સુખનું કારણ સત્કાર્યનો પ્રભાવ છે. તેમ ચોક્કસ માનવું.

**Action** અને **Reaction** માં જો


**Positive Selection** ની ટેવ પાડશો તો **Appreciation** ને પાત્ર થશો.

પ્રખ્યાત લેખક અને વિચારક શ્રી કૃષ્ણકાંત ઉનડકટના શબ્દોમાં...

જિંદગીને સમજવાની યાત્રા પોતાને સમજવાથી શરૂ થાય છે. માણસ પોતાને ઓળખીને જ શાંત અને સુખી થઈ શકે છે.

**મિત્રો, ઉતાવળથી ધીરજ ધરો અને ધીરજથી ઉતાવળ કરો. કહેવાનું તાત્પર્ય એ છે કે , સત્કાર્ય ઝડપથી કરો અને ન કરવાનું કામ કરતા પહેલાં ગંભીરતા સાથે ધીરજથી વિચાર કરો અને પછી જ અમલમાં મૂકવાનો પ્રયત્ન કરશો તો જિંદગીમાં જલસાની જમાવટ થઈ જશે.**

**સૌજન્ય : સરનામાનું સુખ**






## જગદ્ગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીનો 549 મો પ્રાગટ્ય મહોત્સવના પૂ. દ્વારકેશલાલજી મહારાજશ્રી તથા પૂ. આશ્રયકુમારજી મહોદયશ્રીના શ્રી કલ્યાણરાયજી હવેલી, વડોદરા ખાતેના સુંદર સંસ્મરણો...

Sender Name & Address
Pushti Prugya Office, Shasth Pith,
**SHREE KALYANRAIJI HAVELI**
Bajwada, Bank Road, Mandvi, Vadodara - 390 001, Gujarat, INDIA.
Ph. : 0265 2427002 * 0265 2423322